CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

# સૌરાષ્ટ્ર આજતક

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૯૮૭૯૫૬૯૪૦૦, ફોન : ૮૭૫૮૭૫૫૫૨૨

● સંવત ૨૦૮૨ પોષ વદ -૫ | બુધવાર, તા.૦૭-૦૧-૨૦૨૬ | અંક : ૧૨૬ વર્ષ : ૨૩ | e-mail : sauaajtak@gmail.com | કિંમત રૂ. ૨-૫૦ | પાના - ૮

### શરજીલ અને ઉમરને જામીન નકારાયા બાદ

# જેએનયુમાં મોડીરાત્રિએ વડાપ્રધાન મોદી અને શાહ વિરુદ્ધ સૂત્રોચ્ચાર

## દેશ વિરોધી પ્રવૃત્તિઓ કરનારાઓ પર કડક કાર્યવાહી કરવાનો સમય આવી ગયો છે, મને વિશ્વાસ છે કે દિલ્હી પોલીસ તેમની સામે કડક કાર્યવાહી કરશે"

નવીદિલ્હી,

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં તણાવ ફેલાયો હતો જ્યારે સુપ્રીમ કોર્ટે ઉમર ખાલિદ અને શરજીલ ઈમામની જામીન અરજીઓ ફગાવી દીધા બાદ વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો હતો. આ વિરોધ દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ વિરુદ્ધ વાંધાજનક અને વિવાદાસ્પદ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

સોમવાર રાત્રે થયેલા વિરોધ પ્રદર્શનના એક કથિત વીડિયો મુજબ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ ઘટના ૫ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ જેએનયુ કેમ્પસમાં વિદ્યાર્થીઓ પર થયેલા હુમલાની વર્ષગાંઠ નિમિત્તે આયોજિત વિરોધ પ્રદર્શન દરમિયાન બની હતી. જેએનયુ વિદ્યાર્થી સંઘ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં, વિદ્યાર્થીઓએ શરજીલ ઈમામ અને ઉમર ખાલિદને જામીન ન આપવા પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. યુનિવર્સિટી વહીવટીતંત્રે આ મામલાની તપાસ શરૂ કરી છે અને ઘટનાની આસપાસના તથ્યો શોધવાનો પ્રયાસ કરી રહ્યું છે.

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘના પ્રમુખ અદિતિ મિશ્રાએ જણાવ્યું હતું કે દર વર્ષે, વિદ્યાર્થીઓ ૫ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ કેમ્પસમાં થયેલી હિંસાની નિંદા કરવા માટે વિરોધ કરે છે. મિશ્રાએ જણાવ્યું હતું કે, "વિરોધ દરમિયાન ઉઠાવવામાં આવેલા બધા સૂત્રો વૈચારિક હતા અને કોઈ પર વ્યક્તિગત હુમલો કરતા નહોતા. તે કોઈ ચોક્કસ વ્યક્તિ પર નિર્દેશિત નહોતા." એ નોંધવું જોઈએ કે ૫ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ કેમ્પસમાં હિંસા ફાટી નીકળી હતી, જ્યારે માસ્ક પહેરેલા માણસોનું એક ટોળું કેમ્પસમાં ઘૂસી ગયું હતું અને ત્રણ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને નિશાન બનાવ્યું હતું.

## ગુજરાત હાઇકોર્ટ સહિત રાજ્યમાં છ કોર્ટોને ઉડાવી દેવાની ધમકી મળી

અમદાવાદ,

ગુજરાતં સહિત રાજ્યની છ કોર્ટોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. તેમા સુરત, રાજકોટ, આણંદ, અમદાવાદ અને ભરૂચની કોર્ટને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ ધમકી લિબરેશન ઓફ તમિલ ટાઈગર્સ દ્વારા આપવામાં આવી છે. આ તમામ કોર્ટને એક જ પેટર્નથી ધમકી આપવામાં આવી છે.એલટીટીઈના ભૂતપૂર્વ સભ્યો સાથે મળીને કાશ્મીર આઈએસકેપીના સભ્યોએ કોર્ટને નિશાન બનાવી છે.

આવી જ એક કોર્ટને મળેલી ધમકીના મેઈલમાં લખ્યું હતું કે કોર્ટ સંકુલમાં ત્રણ આરડીએક્સનો ઉપયોગ કરવા માટે આત્મઘાતી વિસ્ફોટ કરનાર આવી પહોંચ્યો છે. બપોરે ૧-૫૫ વાગ્યા સુધી આ વિસ્ફોટ થશે. તેથી કોર્ટ ખાલી કરી દો.

## 'જી રામ જી' રોજગારની ગેરંટી આપે છે : યોગી

### પ્રેસ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી યોગીએ પીએમ મોદીના 'જી રામ જી' ના ગુણોની ગણતરી કરી

લખનૌ,

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૨૦૨૬ ની પ્રથમ કેબિનેટ બેઠક પછી એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. મુખ્યમંત્રી યોગીએ પીએમ મોદીના 'જી રામ જી' ના ગુણોની ગણતરી કરી. મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે 'જી રામ જી' રોજગારની ગેરંટી આપે છે. વીબી-જી રામ જી પારદર્શિતા વધારશે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું, "કોંગ્રેસ પાર્ટી અને તેમનું ભારત ગઠબંધન આ મહત્વપૂર્ણ કાયદા વિશે ઘણા પ્રશ્નો ઉભા કરી રહ્યા છે. આશ્ચર્યજનક છે કે દેશના હિતમાં, કામદારો, ખેડૂતો અને ગામડાઓના વિકાસ માટે લેવામાં આવેલા આ મહત્વપૂર્ણ પગલાને સમર્થન અને સ્વાગત કરવાને બદલે - જેના માટે ભારત ગઠબંધને વડા પ્રધાન અને NDAનો આભાર માનવો જોઈતો હતો - તેઓ ખુલ્લેઆમ તેમની જૂની ભ્રષ્ટ પ્રથાઓને સમર્થન આપી રહ્યા છે."

જો આપણે વીબી જી રામ જી એકટની વિશેષતાઓ જોઈએ, તો તે પારદર્શક પ્રક્રિયા સુનિશ્ચિત કરવા, રોજગારની તકો બનાવવા, રોજગારની ખાતરી આપવા અને ગ્રામીણ વિસ્તારોમાં કાયમી સંપત્તિ બનાવવા માટે પસાર કરાયેલ એક મહત્વપૂર્ણ કાયદો છે, જેનાથી ગ્રામીણ માળખાગત સુવિધાઓમાં વધારો થાય છે.મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું, "આ (વીબી જી રામ જી એકટ) વિકસિત ભારતનો પાયો નાખશે. વિકસિત ભારતનું લક્ષ્ય ફક્ત ત્યારે જ પ્રાપ્ત કરી શકાય છે જ્યારે રાજ્યોનો વિકાસ થાય છે.

## નાણામંત્રી બજેટમાં ચોખાના નિકાસકારોને રાહત આપશે?

### આઇઆરઇએફે ચોખાની નિકાસ માટે લેવામાં આવેલી લોન પર ૪ ટકા વ્યાજ સબસિડીની માંગ કરી છે

નવીદિલ્હી,

ઈન્ડિયન રાઈસ એક્સપોર્ટર્સ એસોસિએશને આગામી કેન્દ્રીય બજેટ ૨૦૨૬ માં ચોખાની નિકાસને મજબૂત બનાવવા માટે સરકાર પાસેથી અનેક મુખ્ય રાહત પગલાંની માંગ કરી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણને આપેલા સૂચનોમાં, ફેડરેશનએ જણાવ્યું છે કે જો નિકાસકારોને કર મુક્તિ, સસ્તી લોન અને લોજિસ્ટિક્સ સહાય મળે, તો ભારતીય ચોખા વૈશ્વિક બજારમાં વધુ સ્પર્ધાત્મક બની શકે છે.

આઈઆરઈએફે ચોખાની નિકાસ માટે લેવામાં આવેલી લોન પર ૪ ટકા વ્યાજ સબસિડીની માંગ કરી છે. વધુમાં, ખેતરો અને મિલોથી બંદરો અથવા ઝઙ્ઢ સુધી ચોખાના પરિવહનના ખર્ચને ઘટાડવા માટે રોડ અને રેલ નૂર પર ૩ ટકા સુધીની સરકારી સબસિડી પૂરી પાડવામાં આવે છે. ફેડરેશને એવી પણ માંગ કરી હતી કે નિકાસકારોને નિકાસ ઉત્પાદનો પર ડ્યુટીઝ અને ટેક્સીસ યોજના હેઠળ સમયસર કર રિફંડ મળે.

ફેડરેશન અનુસાર, ભારત વિશ્વના કુલ ચોખાના વેપારનો આશરે ૪૦% હિસ્સો ધરાવે છે. ૨૦૨૪-૨૫માં, ભારતે ૧૭૦ થી વધુ દેશોમાં આશરે ૨૦.૧ મિલિયન ટન ચોખાની નિકાસ કરી.આઈઆરઈએફ જણાવે છે કે ચોખાની નિકાસ ખેડૂતોને સારા ભાવ પૂરા પાડે છે, ગ્રામીણ રોજગારીનું સર્જન કરે છે અને દેશ માટે નોંધપાત્ર વિદેશી હૂંડિયામણ ઉત્પન્ન કરે છે. આ જ કારણ છે કે આ ક્ષેત્ર દેશના અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ છે.

જોકે, ફેડરેશન એ પણ નિર્દેશ કર્યો કે ચોખાના ઉત્પાદન અને નિકાસ અનેક પડકારોનો સામનો કરે છે. ઘણા મુખ્ય ચોખા ઉત્પાદક ક્ષેત્રોમાં ભૂગર્ભજળ ઝડપથી ઘટી રહ્યું છે. વધુમાં, સરકારી ખરીદી, સંગ્રહ અને પરિવહનનો ખર્ચ સતત વધી રહ્યો છે.

# "સ્પોર્ટ્સ એક સંસ્કાર છે જે ભારત દેશ અને એક-એક ભારતીયના હૃદયને જોડે છે" : નીતા અંબાણી

મુંબઈ, ૬ જાન્યુઆરી

મુંબઈ ખાતે સોમવારે યોજાયેલી દ્વિતીય યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ ઈવેન્ટમાં નીતા અંબાણીએ સમગ્ર ભારતની પ્રજા તરફથી ક્રિકેટ ક્ષેત્રે વર્લ્ડ ચેમ્પિયન બનનાર ભારતની ત્રણ ટીમોનું અભિવાદન અને સન્માન કર્યું હતું, જેમાં પ્રજ્ઞાચક્ષુ મહિલા ટીમ અને મેન્સ તેમજ વિમેન્સ ટીમની સમાવેશ થતો હતો.

વિજેતા ખેલાડીઓનું અભિવાદન કરતાં નીતા અંબાણીએ કહ્યું, ' આપણે નવ વર્ષની

### યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ એ રમતજગત ક્ષેત્રે શ્રેષ્ઠતા, એકતા અને મૂલ્યોના જતન અને સંવર્ધન માટેનું નીતા અંબાણીનું વિઝન અને મિશન છે

શરૂઆત અને ઉજવણી એક ખાસ પ્રસંગથી કરી રહ્યા છીએ. આજે આપણી ત્રણેય વિશ્વ વિજેતા ક્રિકેટ ટીમ આ વિશેષ સન્માન કાર્યક્રમમાં ઉપસ્થિત છે જેમાં મેન્સ, વિમેન્સ અને પ્રજ્ઞાચક્ષુ વિમેન્સ ટીમનો સમાવેશ થાય છે. દરેક ભારતીય તરફથી આ તમામ ચેમ્પિયન્સનું સ્વાગત અને સન્માન કરતાં અત્યંત ગર્વની લાગણી થાય છે જે ખેલાડીઓએ આપણને વિજયની અદ્ભુત ક્ષણોનો સાક્ષાત્કાર કરાવીને ખુશી અને આનંદના આહ્લાદથી સજાવી દીધા છે.

રમતજગત તેની સાથે જોડાયેલી પ્રજા સંવેદના અને હૃદયના તાર વિશે વાત કરતાં નીતા અંબાણીએ કહ્યું, ' સ્પોર્ટ્સ એક સંસ્કાર છે જે ભારત દેશ અને એક એક ભારતીયના હૃદયને જોડે છે જેની અસર અત્યંત પરિવર્તનકારી હોય છે. આજે આપણે આજના સુંદર




જબરજસ્ત જુસ્સો , સમર્પણ , દેશદાઝ અને અપ્રતિમ , અડગ મનોબળના પર્યાયસમી આ ઐતિહાસિક તસવીરમાં મુંબઈ ખાતે દ્વિતીય યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ ઇવેન્ટમાં નીતા અંબાણી સાથે ભારતની ત્રણ અલગ અલગ ક્રિકેટ વર્લ્ડ કપ ચેમ્પિયન ટીમના કેપ્ટન , જેમાં પ્રજ્ઞાચક્ષુ ટીમની કેપ્ટન દીપિકા ટીસી , રોહિત શર્મા અને હરમનપ્રિત કૌર આંખોમાં આંજેલા આગામી સુવર્ણયુગના સપના સાથે એક અદ્ભુત સંદેશો ભારતની પ્રજાને આપી રહ્યા છે .

પ્રસંગે આ વિજેતાઓને આવકારીને વિજયની ઉજવણીને ક્ષણોને માણીએ ત્યારે અત્યંત ઉચ્ચ અનુભૂતિ થાય છે. '

કાર્યક્રમમાં ભારતની વર્લ્ડ કપ વિજેતા ટીમોના ત્રણ કેપ્ટન ઉપસ્થિત રહ્યા હતા જેમાં રોહિત શર્મા, હરમનપ્રિત કૌર અને દીપિકા ટીસીનો સમાવેશ થતો હતો, જેમની ટીમના વિજયી પ્રદર્શનથી સમગ્ર દેશમાં અનન્ય માહોલ સર્જાઈ ચૂક્યો છે.

આ ઉપરાંત આ કાર્યક્રમમાં ત્રણેય ટીમોના વિજયી ખેલાડીઓ જસપ્રિત બુમરાહ,

### કાર્યક્રમમાં ભારતની વર્લ્ડ કપ વિજેતા ટીમોના ત્રણ કેપ્ટન ઉપસ્થિત રહ્યા હતા જેમાં રોહિત શર્મા, હરમનપ્રિત કૌર અને દીપિકા ટીસીનો સમાવેશ થતો હતો, જેમની ટીમના વિજયી પ્રદર્શનથી સમગ્ર દેશમાં અનન્ય માહોલ સર્જાઈ ચૂક્યો છે

સૂર્યકુમાર યાદવ, સ્મૃતિ મંધાના, જેમીમાં રોડરીગૅસ, ગંગા કદમ ઉપરાંત મહાન ક્રિકેટરો સુનિલ ગાવસ્કર, સચિન તેંડુલકર, રવિચંદ્રન અશ્વિન, ઓલિમ્પિક અને પેરાલિમ્પિક લિજેન્ડ્સ મુરલીકાંત પેટકર, દીપા મલિક, દેવેન્દ્ર ઝાઝારિયા, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મહાન હસ્તીઓ અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ એ રમતજગત ક્ષેત્રે શ્રેષ્ઠતા, એકતા અને મૂલ્યોના જતન અને સંવર્ધન માટેનું નીતા અંબાણીનું વિઝન અને મિશન છે.










અત્યંત ભાવસભર અભિવ્યક્તિ સાથે જ્યારે જીવનમાં સામા પાણીએ તરીને પણ કુદરત સાથે તાલ મિલાવતી પ્રબળ ઈચ્છાશક્તિ અને વિજયી મુદ્રા અને મિજાજનો જ્યારે સંગમ સર્જાય ત્યારે એ અદ્ભુત દ્રશ્યોની નાની ઝાંખી પણ ઓછા શબ્દો સાથે એક નવલકથા બની જાય છે. ભારતીય પ્રજ્ઞાચક્ષુ મહિલાઓની વિજેતા ટીમ , આઇસીસી વર્લ્ડ ટી ટ્વેન્ટી ચેમ્પિયન ભારતીય ટીમની કેટલીક ખેલાડીઓ અને આઈસીસી વિમેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા ટીમ સાથે નીતા અંબાણી , અમિતાભ બચ્ચન , સચિન તેંડુલકર અને આઈસીસી ચેરમેન શ્રી જય શાહની આ તસ્વીર મુંબઈમાં યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ ઇવેન્ટમાં આ ત્રિવેણી મૂડ અને જુસ્સાની ગવાહી આપે છે.

CMYK

# રાજકોટના ખંઢેરી સ્ટેડિયમમાં આતંકીઓ ઘૂસ્યા : ચેતક કમાન્ડોએ ઠાર માર્યા

## રૂા.૧૦૦ કરોડ અને હેલિકોપ્ટરની માગણી કરી હતી : અંતે 'મોકડ્રિલ' હોવાનું ખુલતા હાશકારો



રાજકોટ,

રાજકોટના જામનગર રોડ પર આવેલા નિરંજન શાહ ખંઢેરી ક્રિકેટ સ્ટેડિયમમાં આજે સવારના સમયે અફરાતફરી મચી ગઈ જ્યારે એક કાળા રંગની સ્પોર્ટ્સ કાર પૂરઝડપે સ્ટેડિયમમાં ઘૂસી આવી હતી. કારમાં સવાર ચાર હથિયારધારી શખ્સોએ સ્ટેડિયમમાં કામ કરી રહેલા ત્રણ મજૂરોને બંદૂકની અણીએ બંધક બનાવી લેતા સમગ્ર વિસ્તારમાં સન્નાટો વ્યાપી ગયો હતો.

આતંકીઓએ ૧૦૦ કરોડ રૂપિયાની રોકડ રકમ અને કચ્છ બોર્ડરથી પાકિસ્તાન જવા માટે હેલિકોપ્ટરની માંગણી કરતા પોલીસ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી અને વાતાવરણ અત્યંત તંગ બની ગયું હતું.ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને તુરંત જ 'ચેતક કમાન્ડો'ની ટુકડી અને રાજકોટ ગ્રામ્ય પોલીસની ટીમોએ સ્ટેડિયમને ચારેય તરફથી ઘેરી લીધું હતું. હવામાં થયેલા ધડાકાના અવાજો અને એમ્બ્યુલન્સની સાયરનો વચ્ચે કમાન્ડોએ અત્યંત ચપળતાથી સ્ટેડિયમમાં પ્રવેશ કરી ઓપરેશન શરૂ કર્યું હતું. આ દરમિયાન વહીવટી તંત્રના રૂરલ પ્રાંત અધિકારી, મામલતદાર સહિત પીજીવીસીએલ, ફાયર ફાઈટર અને મેડિકલ ઈમરજન્સીની ટીમો પણ ઘટનાસ્થળે તૈનાત થઈ ગઈ હતી. કલાકો સુધી ચાલેલી આ ખેંચતાણ બાદ સુરક્ષા દળોએ વ્યૂહરચના ગોઠવી આતંકીઓને ઠાર માર્યા હતા અને બંધકોને સુરક્ષિત રીતે છોડાવ્યા હતા.

ઓપરેશનના અંતે સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું હતું કે, આ કોઈ વાસ્તવિક આતંકી હુમલો નહોતો પરંતુ સુરક્ષા સજ્જતા ચકાસવા માટે આયોજિત એક 'મોકડ્રીલ' હતી. રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ ડ્રીલનો મુખ્ય ઉદ્દેશ્ય કટોકટીના સમયે વિવિધ વિભાગો વચ્ચેનું સંકલન ચકાસવાનો હતો. આ સફળ ઓપરેશનમાં ચેતક કમાન્ડોના ડીવાયએસપી ડી.વી. ગોહિલ, રાજકોટ ગ્રામ્ય ડીવાયએસપી વિક્રમ વ્યાસ તથા કે.જી.ઝાલા સહિતના ઉચ્ચ અધિકારીઓએ નેતૃત્વ પૂરું પાડ્યું હતું. આ સમગ્ર કવાયતમાં વહીવટી તંત્ર તરફથી ગ્રામ્ય પ્રાંત અધિકારી વિમલ ચક્રવર્તી અને પડધરી મામલતદાર કેતન સખીયા તેમજ પોલીસ વિભાગના અધિકારીઓમાં ચેતક કમાન્ડો ઓબ્ઝર્વર ધવલ પટેલ, પડધરી પી.આઈ એસ.એન. પરમાર, પી.એસ.આઈ. પી.એમ. ચાવડા, એચ.સી. ગોહિલ, કયુઆરટી એ.બી. ચૌધરી, જે. જે. વાળા અને એસઓજી પી.વી. મિશ્રાએ મહત્વની ભૂમિકા ભજવી હતી. તદુપરાંત બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, ફાયર બ્રિગેડ અને આરોગ્ય વિભાગની ટીમોએ પરસ્પર સંકલનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

# રાજકોટ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની વધુ એક ધમકી : સુરક્ષા ટીમો દોડી

## કોર્ટ સંકુલ ખાલી કરાવી પોલીસે ખૂણેખૂણો ફેંદી નાખ્યો પણ કાંઈ નહીં મળતા હાશકારો






રાજકોટ

ગુજરાતમાં સરકારી સંસ્થાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓનો સીલસીલો અટકવાનું નામ લઈ રહી ન હોય તેમ ફરી ગુજરાત હાઈકોર્ટ સહિત રાજ્યની પાંચ અદાલતોને ઉડાવી દેવાનો ધમકી ભર્યો ઈ-મેઈલ મળતાં ખળભળાટ મચી ગયો છે. જેમાં રાજકોટ ડીસ્ટ્રીકટ કોર્ટ ઉઘડતાની સાથે જ ૧૧ વાગ્યાની આસપાસ કોર્ટને ઉડાવી દેવાનો ધમકી ભર્યો ઈ-મેઈલ મળતાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, ડોગ સ્કવોડ, ક્રાઈમ બ્રાંચ અને એસઓજીની ટીમ સહિતના ઉચ્ચ અધિકારીઓ કોર્ટ ખાતે દોડી ગયા હતાં. કોર્ટ કર્મચારીઓ, વકીલો અને અસીલોને કોર્ટ ખાલી કરવાની સુચના આપી સઘન ચેકીંગ હાથ ધર્યુ હતું. પરંતુ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નહીં આવતાં રાહતનો શ્ર્વાસ લીધો હતો.

રાજકોટમાં જામનગર રોડ પર આવેલી નવનિર્મિત ડીસ્ટ્રીક કોર્ટના સેસન્સ જજ કોર્ટના ઓફિશ્યલ આઈ.ડી.ઉપર ઉઘડતી કોર્ટે અગિયારેક વાગ્યાના અરસામાં ડિસ્ટ્રીક કોર્ટ બિલ્ડીંગને આરડીએક્સ ઉડાવી દેવાની એલ.ટી.ટી.ઈ (લીબરેશન ટાયગર ઓફ તમીલ ઈલમ) દ્વારા "તમારા કોર્ટ પરીસરમાં ત્રણ આર.ડી.એક્સ.નો ઉપયોગ કરીને માનવ આત્મઘાતી વિસ્ફોટ મુકવામાં આવ્યો છે, આ વિસ્ફોટ થાય તે પહેલા બપોરે ૧.૫૫ વાગ્યા સુધીમાં ન્યાયાધીશોને ખાલી કરો" તેવો ધમકી આપતો ઈ-મેઈલ કરવામાં આવ્યો હતો. આ અંગે કોર્ટના સિકયુરિટી ઈન્ચાર્જ દ્વારા પોલીસ કંટ્રોલને જાણ કરવામાં આવી હતી.

જાણ થતાં જ યુનિવર્સિટી પોલીસ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડ, ડોગ સ્કવોડ, ક્રાઈમ બ્રાંચ અને એસઓજીની ટીમ સહિતનો પોલીસ કાફલો કોર્ટ ખાતે દોડી ગયો હતો. ધમકી ભર્યો મેઈલ મળતાં પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક જજ જે.આર.શાહએ તાત્કાલીક તમામ ન્યાયાધીશો, જયુડીશ્યલ ઓફિસરો, કોર્ટ સ્ટાફ, વકીલો અને પક્ષકારોને તાત્કાલીક કોર્ટ બિલ્ડીંગ બહાર નિકળી જવા સુચના આપવામાં આવી હતી. પોલીસ ટીમ દ્વારા ધમકી ભર્યા મેઈલની ગંભીરતાને ધ્યાને રાખીને ડીસ્ટ્રીકટ કોર્ટમાં પ્રવેશબંધી કરી દેવામાં આવી હતી. એટલું જ નહીં આ સિવાય ન્યાયીક કામગીરી પણ તાત્કાલીક ધોરણે બંધ કરી દેવાઈ હતી. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા પાર્કીંગ, કેન્ટીન અને કોર્ટ બિલ્ડીંગના દરેક માળ પર જીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી. પરંતુ તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નહીં આવતાં તમામે રાહતનો શ્વાસ લીધો હતો.

તપાસ દરમિયાન મહેસાણાના વકીલ પાસેથી એક ડ્રોન મળી આવ્યું હતું. જે ડ્રોન અંગે બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડની ટીમ તપાસ કરતાં કોઈ સ્ફોટક વસ્તુ ઈન્સ્ટોલ ન કર્યુ હોવાનું સામે આવ્યું હતું.

# રાજકોટના રામનાથપરામાં વિદેશી દારૂ ભરેલી કાર સાથે બૂટલેગર ઝડપાયો

## ક્રાઈમ બ્રાંચની ટીમે દારૂ, કાર મળી કુલ રૂ. ૬.૭૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



રાજકોટ,

રાજકોટ શહેરના રામનાથપરામાં નવયુગપરા વિસ્તારમાં ક્રાઈમ બ્રાંચની ટીમે દરોડો પાડી સ્વીફ્ટ કાર માંથી રૂ.૨.૭૮ લાખની ૮૬૪ બોટલ વિદેશી દારૂ સાથી એક શખ્સની ધરપકડ કરી રૂ.૬.૭૮ લાખનો મુદ્દમાલ કબજે કર્યો હતો.

મળતી વિગતો મુજબ દારૂના ધંધાર્થીઓ ઉપર તૂટી પડવા પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાની સુચનાને પગલે ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બી. બસીયાની રાહબરીમાં દારૂ અને જુગારની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ વી.ડી.ડોડીયાની ટીમના એ.એસ.આઈ. અમીતકુમાર અગ્રાવત, જયરાજભાઈ કોટીલા અને દિલીપભાઈ બોરીચાને મળેલ ચોક્કસ હકીકત આધારે રામનાથપરા જુની જેલ સામે નવયુગપરા શેરી નં.૨ ના ખુણે રોડ વોચ ગોઠવી સ્વીફ્ટ કાર નંબર જીજે-૧૦-એપી ૮૩૧૧ ને અટકાવી તલાશી લેતા તેમાંથી રૂ.૨.૭૮ લાખની ૮૬૪ બોટલ વિદેશી દારૂ અને કાર મળી રૂ.૬.૭૮ લાખનો મુદ્દમાલ કબજે કરી સાધુવાસવાણી રોડ ઉપર જનકપુરી આવશ યોજના ક્વાટર્સ નંબર ૧૧૬૬ માં રહેતા દિલીપ શંકર પરમાર (ઉવ૨૨)ની ધરપકડ કરી હતી.આ કામગીરી ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ એમ.આર.ગોંડલીયા સાથે પી.આઈ એમ.એલ.ડામોર પી.આઈ સી.એચ.જાદવ સાથે પીએસઆઈ વી.ડી.ડોડીયા તથા એ.એસ.આઈ. અમીતભાઈ અગ્રાવત, દિગ્પાલસિંહ જાડેજા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ દિપકભાઈ ચૌહાણ, દિલીપભાઈ બોરીચા, રાજેશભાઈ જળુ, પ્રદિપસિંહ જાડેજા, જયરાજભાઈ કોટીલા, સંજયભાઈ રપાપરા તથા વિશાલભાઈ દવેએ કરી હતી.

# રાજકોટમાં નાગેશ્વરના ટ્રાન્સપોર્ટના ધંધાર્થીનો ઝેરી દવા પી આપઘાત

## માધાપર ચોકડી નજીક એબીડી હોટલ પાસે કોઇ કારણસર ઝેરી દવા પી લેતા તેને સારવાર

રાજકોટ,

રાજકોટના જામનગર રોડ પર આવેલા નાગેશ્વર પાસે શાંતિનગરમાં રહેતા ટ્રાન્સપોર્ટના ધંધાર્થી વૃધ્ધએ માધાપર ચોકડી નજીક એબીડી હોટલ પાસે કોઇ કારણસર ઝેરી દવા પી લેતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડાતા તેનું સારવાર દરમિયાન મોત થયું હતું.

રાજકોટ શહેરના જામનગર રોડ પર નાગેશ્વર પાસે શાંતિનગર શેરી નં.૩ માં રહેતા હરસુખભાઇ પ્રભુદાસભાઇ વિઠ્લાણી(ઉ.વ. ૭૧) નામના વૃધ્ધે ગઇકાલે સાંજે પોણા છ વાગ્યા આસપાસ બાઇક લઇ પોતાની ટ્રાન્સપોર્ટની ઓફિસથી ઘરે જતા હતા ત્યારે બેડી ચોકડી પાસે માધાપર ચોકડી હાઇવે પર એબીડી હોટલ નજીક કોઇ કારણોસર ઝેરી દવા પી લીધી હતી. બાદમાં તેમને સારવાર માટે સિનર્જી હોસ્પિટલ ખસેડવામાં આવતા સારવાર દરમિયાન તેનું મોત થયું હતું . તેમના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી જરૂરી પોલીસે કયાં કારણસર આ પગલું ભરી લીધું ? તે અંગે પરિવારજનો અજાણ હોય ગાંધીગ્રામ પોલીસે આપઘાતનું કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે.

# રાજકોટ શાપર-વેરાવળમાં મિલકત બાબતે વૃધ્ધાનો એસીડ પી આપઘાતનો પ્રયાસ

## અગાઉ મારકૂટ કરતા શાપર પોલીસમાં અરજી કરી'તીઃ પુત્રએ પણ સામે અરજી કરી



રાજકોટ,

રાજકોટ શાપર-વેરાવળમાં રહેતા ૮૦ વર્ષિય વૃધ્ધાને પુત્ર અને પુત્રવધુ મિલકત બાબતે ત્રાસ આપતા હોય જેથી કંટાળી વૃધ્ધાએ એસિડ પી આપઘાતનો પ્રયાસ કરતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગે શાપર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ શાપર-વેરાવળમાં સર્વોદય સોસાયટી શેરી ન.૧૪માં રહેતા કેશરબેન નથુભાઈ મકવાણા (ઉ.વ.૮૦)નામના વૃધ્ધાએ આજે સવારે પોતાના ઘરે એસીડ પી લેતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી શાપર-વેરાવળ પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક તપાસમાં કેશરબેનના પતિ નિવૃત્ત શિક્ષક છે. તેમને સંતાનમાં ત્રણ દીકરા અને એક દિકરી છે. મોટો દીકરો પ્રવિણ અને તેની પત્ની શાંનતાબેન મિલકત બાબતે ત્રાસ આપતા હોય અગાઉ પણ મારકૂટ કરી હતી. ત્યારે કેશરબેને પુત્ર અને પુત્રવધુ વિરૂધ્ધ શાપર પોલીસમાં અરજી કરી હતી.

બાદમાં પુત્ર પ્રવિણે પણ માતા વિરૂધ્ધ અરજી કરી હોય. આમ પુત્ર અને પુત્રવધુ મિલકત બાબતે ત્રાસ આપતા હોય જેથી કંટાળી વૃધ્ધાએ આ પગલું ભરી લીધાનું જણાવ્યુ હતું. આ અંગે શાપર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. વૃદ્ધાનો પુત્ર પ્રવિણ પણ શિક્ષક હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે શિક્ષક હોવા છતાં માતાને મિલકત બાબતે ત્રાસ આપતો હોય આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના ઢેબર રોડ ભોમેશ્વર વિસ્તારના વ્હોરા આધેડની હત્યા

## ભાઇની બિલ્ડીંગની અગાસીમાં લોહીથી લથબથ લાશ મળી



રાજકોટ,

રાજકોટ શહેરનાં ભોમેશ્વર પ્લોટ ૮ મા રહેતા અને ઢેબર રોડ પર દરજીની દુકાન ચલાવતા એકલા રહેતા ૪૦ વર્ષીય વહોરા આધેડની તેનાં બિલ્ડીંગની અગાસી પર હત્યા કરાયેલી લાશ મળી આવતા સનસનાટી મચી ગઇ છે. એકલા રહેતા કુંવારા વહોરા આધેડનાં છાતીનાં ભાગે છરીનાં ઘા ઝીકી તેમની હત્યા કરવામા આવી હોવાનુ સામે આવતા આ મામલે તપાસ માટે પોલીસ અધીકારીઓ તેમજ ગાંધીગ્રામ પોલીસ ઘટના સ્થળે દોડી ગઇ હતી. મૃતક પાસે શાકભાજી સુધારવાની છરી પણ પડી હોય તેનાથી જ હત્યા કરી હોવાનુ ચર્ચાઇ રહયુ છે . હત્યા પાછળનુ કારણ જાણવા અને હત્યારાની ઓળખ મેળવવા પોલીસ કામે લાગી છે.

મળતી વિગતો મુજબ રાજકોટ શહેરનાં ભોમેશ્વર પ્લોટ ૮ મા બાબજી એવન્યુ ચોથા માળે ફલેટ નં ૪૦૨ મા રહેતા અબ્બાસભાઇ ઇસુબભાઇ મરચન્ટ (ઉ. વ. ૪૦ ) નામનાં આધેડની તેમનાં અગાશી ઉપર લાશ મળી આવી હતી . ઘટનાની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ સાથે ક્રાઇમ બ્રાંચ તેમજ એસઓજી અને એલસીબીની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી ઉપરાંત ડીસીપી જગદીશ બાંગરવા અને એસીપી સહીતનાં અધીકારીઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

પોલીસની પ્રાથમીક તપાસમા જાણવા મળ્યુ કે અબાસભાઇની લાશ અગાસીમા મળી હોય તે બીલ્ડીંગનાં ચોથા માળે તે રહે છે અને ઢેબર રોડ પર દરજીની દુકાન ચલાવે છે એક ભાઇ અને એક બહેનમા મોટા અબાસભાઇ હજુ કુંવારા હતા.તેમનાં લગ્ન થયા ન હતા. અબાસભાઇની લાશ પાસે શાકભાજી કાપવાની છરી પણ મળી આવી હોય તેમનાં છાતીનાં ભાગે છરીનાં ઘા ઝીકી હત્યા કર્યાનુ સામે આવ્યુ છે ત્યારે આ હત્યામા છરીનો ઉપયોગ થયાની શંકા દર્શાવવામા આવી છે છેલ્લા ૪ દીવસથી અબાસભાઇ તેમનાં બહેનનાં ફોન રીસીવ કરતા ન હોય તેથી બહેને આવીને તપાસ કરતા ભાઇની લાશ અગાસીમાથી મળતા સમગ્ર મામલો સામે આવ્યો હતો.

મૃતક અબાસભાઇ પાસેથી એક ડાયરી પણ મળી આવી છે . ત્યારે આ મામલે પોલીસે બનાવ આપઘાતનો હોવાની શંકા પણ વ્યકત કરી છે જો કે આ અંગે પોસ્ટમોર્ટમમા બાદ સાચું કારણ બહાર આવશે પોલીસે તપાસ આગળ ધપાવી છે.

# રાજકોટમાં બુકિંગ એજન્ટે વિદેશ ટુર માટે ફલાઈટની નકલી ટિકિટો બનાવી ૧૪ લાખની છેતરપીંડી આચરી

## એરપોર્ટ કાઉન્ટર પર ટીકીટ બતાવતા એરલાઇન્સની આવી કોઈ ટીકીટો હોતી નથી તેમ જણાવતાં છેતરાયાની જાણ થઈ

રાજકોટ,

રાજકોટના ડો. યાજ્ઞીક રોડ ગોલ્ડન સ્પેસ કોમ્પ્લેક્સમાં સ્ક્યુબ સર્વિસીસ નામે ટૂરની ઓફિસ ધરાવતા એજન્ટ રવિ અરજણભાઈ ગાધેર (રહે. નવલનગર, મવડી પ્લોટ)એ બેંગકોક-પટાયાની ટૂરનું બુકિંગ કરવાના નામે વેપારી પાસેથી ૧૪.૮૨ લાખ મેળવી લઈ પ્લેનની ૩૦ ખોટી ટિકિટો આપી છેતરપિંડી કર્યાની એ ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

વધુ વિગતો મુજબ રાજકોટના શાસ્ત્રીનગરમાં રહેતા અને રૈયા ગામમાં શેરી નં. ૧૨માં મલ્હાર બિલ્ડિંગ સામે કાઠીયાવાડ પાઈપ્સ નામે ભાગીદારીમાં પેઢી ચલાવતા દેવીનભાઈ કાંતિલાલ ખાણદર (ઉ.વ.૨૭)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે પેઢીમાં તેના ભાભી ઉપરાંત હિરેન પરમાર ભાગીદાર છે. પેઢી દ્વારા વર્ષમાં ડીલર્સ ટારગેટ પૂરો કરે તેના માટે એકવાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ટૂરનું આયોજન કરાઈ છે. ૨૦૨૫માં બેંગકોક-પટાયાની ટૂરનું આયોજન કરાયું છે. આથી અલગ-અલગ ટૂર એજન્સીનો સંપર્ક કરી ટૂરનું એસ્ટીમેન્ટ કઢાવતા આસમયે તેના મિત્રએ આરોપીની ઓફિસની વાત કરતાં ગઈ તા.૧૩-૮ના તે તેના મોટાબાપુના પુત્ર અને ભાગીદાર હિરેન સાથે આરોપીની ઓફિસે ગયા હતાં. તેણે આરોપીને અમારા ડીલર્સ માટે બેંગકોક પટાયાની ટૂર જાન્યુઆરી-૨૦૨૬માં આયોજન કરવાનો પ્લાન છે તેમ કહી ટૂરનું એસ્ટીમેન્ટ કઢાવ્યું હતું.

વાત કરતાં આરોપીએ રૂા. ૨.૦૨ લાખ એડવાન્સ બુકિંગ પેટે આપવા પડશે તેમ આ સમયે આરોપીએ પાંચ દિવસ અને ચાર નાઈટનું પરપર્સન રૂા. ૪૦,૪૦૦ એસ્ટીમેન્ટ આપ્યું હતું. જેથી તેમને યોગ્ય લાગતા હા પાડી ૩૦ ડીલરોને મોકલવાની કહેતા તેને રૂપિયા ટ્રાન્સફર કર્યા હતાં. ત્યારબાદ જેમ-જેમ વ્યવસ્થા થતાં તેણે આરોપીને રૂા. ૧૪.૮૨ લાખની ચૂકવણી કરી હતી.ત્યારબાદ આરોપીએ તેને ગઈ તા. ૨૨-૧૨-૨૦૨૫ના પ્લેનની ટીકીટ વોટ્સએપથી મોકલી હતી. તેણે ૩૦ લોકોને તા. ૪-૧-૨૦૨૬ના જવાનું હતું. તેમજ ફલાઈટ અમદાવાદ એરપોર્ટ પરથી હોવાથી તે ડીલરો સાથે ગઈ તા.૩નાં અમદાવાદ ખાતે જવા રવાના થયા હતાં.આ સમયે અમદાવાદમાં આરોપી એરપોર્ટ પાસે આવેલી હોટલે પેમેન્ટ લેવાનું છે તેમ કહી ઉતરી ગયો હતો અને તમે એરપોર્ટ પહોંચો હું પાછળથી આવું છું તેમ જણાવ્યું હતું. તે ડીલરો સાથે એરપોર્ટ કાઉન્ટર પર પહોંચી ટીકીટ બતાવતા ત્યાં હાજર સ્ટાફે આ ટીકીટો ખોટી છે, અમારા એરલાઈન્સની આવી કોઈ ટીકીટો હોતી નથી તેમ જણાવતાં તેણે આરોપીને કોલ કર્યો હતો.પરંતુ તેણે ગલ્લા-તલ્લા કરી ફોન કાપી નાખ્યો હતો. બાદમાં સ્વીચ ઓફ કરી દીધો હતો.આથી તે ડીલરો સાથે પરત રાજકોટ આવી આરોપીની ઓફિસે જતા ત્યાં આરોપીની પત્ની હાજર હોઈ તેને આરોપી વિશે પૂછતા પોતાને કોઈ જાણ નથી તેમ જણાવી દેતા અંતે આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# રાજકોટના ઠેબચડામાં પતિએ ઝઘડો કરતા પત્નીનો ઝેર પી આપઘાતનો પ્રયાસ

## યુવાન પાડોશી પરિણીતા સાથે હોટલે નાસ્તા માટે જતાં પત્ની આવી ચડતા ભાંડો ફૂટ્યો

રાજકોટ,

રાજકોટ શહેરની ભાગોળ આવેલા ઠેબચડા ગામે રહેતા યુવકને છેલ્લા દોઢ મહિનાથી પાડોશમાં રહેતી પરિણીતા સાથે આંખ મળી ગઈ હતી અને બંને ગઈ કાલે હોટલમાં ચા નાસ્તો કરતા હતા તે દરમિયાન યુવકની પત્નીએ રંગે હાથ ઝડપી વિડિયો ઉતારી ફોટા પાડ્યા હતા. જે મુદ્દે દંપતિ વચ્ચે ઝઘડો થતાં પરિણીતાએ ઝેરી દવા પી લીધી હતી. આપઘાતનો પ્રયાસ કરનાર પરિણીતાને સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટના ઠેબચડા ગામે રહેતી રાધાબેન મનસુખભાઈ ડાભી નામની ૩૦ વર્ષની પરિણીતા હરિભાઈની વાડીએ હતી ત્યારે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પરિણીતાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં રાધાબેન ડાભીને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે પતિ મનસુખભાઈ ડાભીને છેલ્લા દોઢ એક મહિનાથી પડોશમાં રહેતી પરિણીતા સાથે આંખ મળી જતા બંને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. ગઈકાલે મનસુખ ડાભી અને તેની પરિણીત પ્રેમિકા શિવ શક્તિ હોટલ ખાતે ચા નાસ્તો કરતા હતા. તે દરમિયાન રાધાબેન ડાભી શિવ શક્તિ હોટલ ખાતે આવી ચડી હતી અને પતિની પ્રેમલીલાનો ભાંડો ફોડવા વિડીયો ઉતારી ફોટા પાડ્યા હતા. જે મુદ્દે પ્રેમિકા સાથે રંગે હાથ ઝડપાયેલા પતિએ ઝઘડો કરતા રાધાબેન ડાભીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ મનપા ફૂડ શાખાએ પાણીપુરીના ધંધાર્થીઓના વાસી બટાટા-પાણીનો નાશ કર્યો

## ચાર સ્થળેથી ચીક્કીના સેમ્પલ લેવાયા : ૧૦ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના

રાજકોટ,

રાજકોટ મનપાના ફૂડ વિભાગ દ્વારા ગાંધીનગરના રોગચાળા સંદર્ભે સતત બીજા દિવસે પાણીપુરીના ધંધાર્થીઓને ત્યા કડક ચકાસણી હાથ ધરી ૪૦થી વધુ ધંધાર્થીઓને ત્યાથી મોટી માત્રામાં વાસી બટાટા અને પાણીનો નાશ કરી અલગ-અલગ પાણીના સેમ્પલ તેમજ ૪ સ્થળેથી ચીકીના સેમ્પલ લઈ પૃથ્થકરણ અર્થે લેબમાં મોકલી આપ્યા હતા. તેમજ આરોગ્ય વિભાગ દ્વારા પીવાના પાણીના સેમ્પલ લેવામાં આવ્યા હતા.રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા રોગચાળાની સિઝનને અનુલક્ષીને સર્વેલન્સ ચેકિંગ દરમિયાન અલગ અલગ ઝોનમાંઆવેલ પાણીપૂરીનું વેચાણ કરતાં કુલ ૪૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં૧૦ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ તેમજકુલ મળી અંદાજિત૭૨ કિ.ગ્રા/લિટરવાસી અખાદ્ય ચીજોનો સ્થળ પર નાશ કરવામાં આવેલ હતો.

ફૂડ વિભાગ દ્વારા (૦૧)ક્રિષ્ના મારવાડી પાણીપુરી (સાધુ વાસવાણી રોડ)-૧૦ કિ.ગ્રા.વાસી અખાદ્ય બાફેલા બટેટાનો નાશ તથા લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૨)ગાયત્રી પાણીપુરી (રાધે ક્રિષ્ના ચોક, સાધુ વાસવાણી રોડ) -૪ કિ.ગ્રા. વાસી અખાદ્ય બાફેલા બટેટાનો નાશ તથા લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૩)શ્રીદેવ પાણીપુરી (સાધુ વાસવાણી રોડ) -૨ કિ.ગ્રા. વાસી બાફેલા બટેટાનો નાશ(૦૪)બાલાજી પાણીપુરી (સાધુ વાસવાણી રોડ) -૨ કિ.ગ્રા. વાસી બાફેલા બટેટાનો નાશ તથા લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૫)અનમોલ અમદાવાદ પાણીપુરી (ભિલવાસ મેઈન રોડ) -૨ કિ.ગ્રા. વાસી બાફેલા બટેટાનો નાશ તથા લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૬)ક્રિષ્ના પાણીપુરી (ગોંડલ રોડ, સમૃદ્ધિ ભવન સામે) -પલિટર વાસી મીઠું પાણીનો નાશ તથા લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૭)હર્ષિતભાઈ કોલ્ડ પાણીપુરી (લક્ષ્મીવાડી મેઈન રોડ, પુલ પાસે ) -૧૨લિટર વાસી ફ્લેવર્ડ પાણીનો નાશ તથા લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૮)ભોલેનાથ પાણીપુરી (૮૦ ફૂટ રોડ, શેઠ હાઈસ્કૂલ સામે) -૩ કિ.ગ્રા. વાસી બાફેલા બટેટાનો તથા ૮લિટર વાસી મીઠા પાણીનો નાશ તથા



તસવીર : દિલિપ ગોહેલ

લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૯)શિવાભાઈ પાણીપુરી વાળા(બોલબાલા માર્ગ, ગીતાંજલી સોસા. પાસે) -૨૦લિટર વાસી મીઠું પાણી તથા ફ્લેવર્ડ પાણીનો નાશ તથા લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૧૦)જય બાલાજી પાણીપુરી (બોલબાલા માર્ગ, વાલકેશ્વર સોસા. પાસે) -૪કિ.ગ્રા. વાસી બાફેલા બટેટાનો નાશ તથા લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ હતી. તથા (૧૧)રાજા પાણીપુરી (ઢેબર રોડ, આર્યસમાજ સામે) (૧૨)રાધાક્રિષ્ના પાણીપુરી (ઢેબર રોડ)(૧૩)ગણેશ પાણિપુરી (પેલેસ રોડ, પદ્મ કુંવરબા હોસ્પિટલ પાસે) (૧૪)મહાકાળી પાણીપુરી (ગીતા મંદિર રોડ) (૧૫)રાધેશ્યામ દિલ્લી ચાટ પાણીપુરી (મિલપરા પૂજારા પ્લોટ રોડ કોર્નર)(૧૬)વિષ્ણુ પાણીપુરી (શેઠ હાઈસ્કૂલ સામે, ૮૦ ફૂટ રોડ)(૧૭)વિશાલ પાણીપુરી (શેઠ હાઈસ્કૂલ સામે, ૮૦ ફૂટ રોડ)(૧૮)અનિલ પાણીપુરી (બોલબાલા માર્ગ)(૧૯)શ્યામ પાણીપુરી (બોલબાલા માર્ગ)(૨૦)રાધિકા પાણીપુરી (ગોંડલ રોડ, (૨૧)અમનભાઈ કી પાણીપુરી(ગોંડલ રોડ,) ક્રિષ્ના પાણીપુરી સેન્ટર (અંબાજી કડવા પ્લોટ મેઈન રોડ) (૨૩)બાલાજી પાણીપુરી ભેળ સેન્ટર (અંબાજી કડવા પ્લોટ મેઈન રોડ)(૨૪)ખોડિયાર પાણીપુરી (ક્રુષ્ણ નગર મેઈન રોડ)(૨૫)ડી. જે. પાણીપુરી (જયંત કે. જી. રોડ)(૨૬)બોમ્બે સ્ટાઈલ ભેળ(માલવિયા ચોક, યાજ્ઞિક રોડ)(૨૭)રોશની પાણીપુરી (લીમડા ચોક)(૨૮)કનૈયા પાણીપુરી (મોટી ટાંકી ચોક)(૨૯)શંકર પાણીપુરી (બ્રમ્હસમાજ ચોક, રૈયા રોડ)(૩૦)શંકર પાણીપુરી (બ્રમ્હસમાજ ચોક, રૈયા રોડ)(૩૧)ગાયત્રી પાણીપુરી (રાધે કૃષ્ણ ચોક, સાધુવાસવાણી રોડ)(૩૨)ભોલેનાથ પાણીપુરી (પાટીદાર ચોક, સાધુવાસવાણી રોડ)ની ચકાસણી કરવામાં આવેલ.ફૂડ વિભાગ દ્વારા પાણીપુરીના ધંધાર્થીઓને ત્યા ચકાસણી હાથ ધરી પરસાણા સોસાયટીમાં આવેલ શ્રી રામ ચીક્કીમાંથી તલ અને મગફળીની ચીક્કીના સેમ્પલ તેમજ ભક્તિનગર રેલવે સ્ટેશન પાસેથી કાળા તલની મીક્સ ડ્રાયફ્રૂટ સહિત ચાર ચીક્કીના સેમ્પલ લઈ લેબમાં મોકલી આપ્યા હતા.

## પોલીસ સમાચાર

### રાજકોટમાં મંગલમ હોસ્પિટલના સિક્યુરીટી ગાર્ડનું હૃદય બેસી જતાં મોત

રાજકોટ,

રાજકોટમાં હૃદયરોગના હુમલાએ હાહાકાર મચાવ્યો છે મુળ જૂનાગઢના વતની અને હાલ રાજકોટમાં ભત્રીજા સાથે રહી મંગલમ હોસ્પિટલમાં સિકયુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં વૃધ્ધનું હૃદય રોગના હુમલાથી મોત નિપજતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, મુળ જૂનાગઢના વતની અને હાલ રાજકોટમાં પંચનાથ રોડ પર મંગલમ હોસ્પિટલમાં સિકયુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં જયંતીભાઈ બાવનજીભાઈ કાચા નામના ૬૫ વર્ષના વૃધ્ધને હૃદયરોગનો હુમલો આવતાં તાત્કાલીક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તેમનું મોત નિપજતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

### કુંકાવાવમાં ૬૦ વર્ષીય આધેડ અકસ્માતે પડી જતા મોત થયુ

અમરેલી

કુંકાવાવમાં સેન્ટીંગ કામ કરતી વખતે મકાન પરથી પટકાતા ૬૦ વર્ષિય આધેડને ગંભીર ઈજા પહોંચતા મોત નિપજ્યું હતું. આ અંગે મૃતકના દિકરાએ વડીયા પોલીસને જાણ કરી હતી. રમણીકભાઈ લુહારએ વડીયા પોલીસને જણાવ્યું કે તેના પિતા રૂપાભાઈ મુળભાઈ લુહાર ૨૯ ડિસેમ્બરના રોજ સવારે અગીયાર વાગ્યે સેન્ટીંગ કામની મજુરી અર્થે ગયા હતા. ત્યારે મકાન પર સેન્ટીંગ કામ કરતી વખતે અકસ્માતે પડી ગયા હતા. જેના કારણે તેને ગંભીર ઈજા પહોંચી હતી અને રૂપાભાઈ લુહારનું મોત નિપજ્યું હતું. આધેડના મોતથી પરિવારમાં શોક પ્રસર્યો હતો. આ અંગે વડીયા પોલીસ મથકમાં જાણ કરવામાં આવતા હેડ કોન્સ્ટેબલ ડી.ટી.બળસટીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

### ધારી તાલુકાના ખીચા ગામેથી સગીરાને યુવક ભગાડી ગયો

અમરેલી

ધારીના ખીચા ગામે રહેતી એક સગીરાને તેમના જ જિલ્લાનો યુવક ભગાડી ગયો હતો. આ અંગે સગીરાના પિતાએ દાહોદ જિલ્લાના ફતેપુરાના કુંડા ફળીયા ગામે રહેતા અમીતભાઇ રમણભાઇ પારગી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની સગીર વયની દીકરીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે કે લગ્ન કરવાના ઈરાદે તેમના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઇ ગયો હતો. ધારી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

### લીલીયા તાલુકાના દાડમા (પુતળીયા) ગામે પ્રેમલગ્નની અદાવતમાં પિતા-પુત્રી પર હુમલો

અમરેલી

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના દાડમા (પુતળીયા) ગામે પ્રેમલગ્ન બાબતે ચાલી રહેલા વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. પુત્રીના પ્રેમલગ્ન બાદ સમાધાન કરવાનો ઈનકાર કરતા રોષે ભરાયેલા શખ્સોએ પિતા અને પુત્રી પર જીવલેણ હુમલો કર્યો હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. દયાબેન હરીભાઇ લુવાર (ઉ.વ.૪૨)એ પ્રતાપભાઇ મુળજીભાઇ સારીખડા, રાહુલભાઇ મુળજીભાઇ સારીખડા, મુળજીભાઇ ખીમાભાઇ સારીખડા તથા જસુબેન મુળજીભાઇ સારીખડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની પુત્રી રીનાબેન સાથે આરોપી પ્રતાપભાઈ મુળજીભાઈ સારીખડાએ તેના પિતાની મરજી વિરુદ્ધ પ્રેમલગ્ન કર્યા હતા. આ બાબતે આરોપીઓ સતત તેમના પર સમાધાન કરવા માટે દબાણ કરી રહ્યા હતા.

### વેરાવળમાં ઘરફોડી ચોરીનો ભેદ ઉકેલાયો : મહિલા ઝડપાઇ

વેરાવળ,

વેરાવળ સીટી પોલીસ સ્ટેશન ગુન્હાંના કામે ગઇ તા.૦૧/૦૧/૨૦૨૬ ના ફરી.શ્રી તેમના કાકાને ઘરે લગ્નમા ગયેલ હોય તે દરમ્યાન કોઇ અજાણ્યા ચોર ઈસમએ ફરી.ના ઘરમાં રસોડાની બારીમાં રાખેલ ઘરની ચાવી લઈ દરવાજાનુ તાળુ ખોલ્લી ફરી.ના ઘરમાં ગુન્હાહિત અપપ્રવેશ કરી સોનાના અલગ અલગ દાગીના જેમા સોનાની બંગડી નંગ-૨, સોનાનો નવાબી ડીઝાઈનવાળો ચેઈન, કાનની બુટ્ટી નંગ-૪, સોનાનો લોકેટ-૦૧, સોનાનો કયડો-૦૧, તથા સોનાની વિટટી -૦૧ જેનુ કુલ આશરે વજન ૫૪.૯ ગ્રામ જેની કિ.રૂ.૬,૭૬,૦૦૦/- ના મુદ્દામાલની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોધાઈ હતી. તપાસ દરમિયાન સર્વેલન્સ સ્કોડ સ્ટાફએ હ્યુમન સોર્સિસ તથા ટેકનીકલ રીસોર્સથી બાતમી આધારે સફિનાબેન ઈમ્ત્યિાજભાઇ ઉર્ફે શબ્બીરભાઇ મહમદભાઇ ચૌહાણ જાતે-પટણી ઉ.વ.૩૦ ધંધો-ઘરકામ રહે. વેરાવળ કૌશર કોલોની સિદીકી મસ્જીદની બાજુમાં ને ઝડપી મુદામાલ કબ્જે કરેલ છે.

# ભાવનગર સોમનાથ નેશનલ હાઇવે પર સિંહણનું અકસ્માતમાં મોત

## હેમાળ ગામ નજીક અજાણ્યા વાહન અડફેટે ગંભીર ઈજા થતાં મૃત્યુ નીપજ્યું

અમરેલી

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના હેમાળ ગામ નજીક ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર મોડી રાત્રે એક સિંહણનું અજાણ્યા વાહન અડફેટે મોત થયું છે. રોડ ક્રોસ કરતી વખતે વાહનની ટક્કરથી સિંહણને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી, જેના કારણે તેણે ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યો હતો. વનવિભાગ દ્વારા મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો છે.ઘટનાની જાણ થતાં જ જાફરાબાદ રેન્જ વનવિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. આરએફઓ, ફોરેસ્ટ ગાર્ડ અને ટ્રેકર્સ સહિતની ટીમોએ તપાસ શરૂ કરી



છે. વનવિભાગે અજાણ્યા વાહનચાલકને શોધવા માટે કવાયત હાથ ધરી છે અને હાઈવે પરના તેમજ હોટલના સીસીટીવી ફૂટેજની ચકાસણી કરવામાં આવી રહી છે.રાજુલા-જાફરાબાદ પંથકમાંથી પસાર થતો ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે સિંહો માટે જોખમી સાબિત થઈ રહ્યો છે. અગાઉ પણ આ વિસ્તારમાં સિંહબાળ સહિત અનેક વન્યપ્રાણીઓના અકસ્માતમાં મોત થયા છે. ટીબી, છેલણા, હેમાળ, દુધાળા, નાગેશ્રી, કાગવદર, ચારનાળા, હિંડોરણા અને કડિયાળી જેવા હાઈવે નજીકના ગામડાઓમાંથી સિંહોના રોડ ક્રોસ કરવાના બનાવો રોજિંદા બનતા રહે છે, જેના કારણે સિંહોની સુરક્ષા પર સવાલો ઉભા થયા છે.સિંહપ્રેમી વિપુલભાઈ લહેરીએ આ ઘટનાને દુઃખદ ગણાવી હતી. તેમણે જણાવ્યું કે, વનવિભાગે અકસ્માત કરનાર વાહનચાલકને ઝડપથી શોધીને કાર્યવાહી કરવી જોઈએ. તેમણે નેશનલ હાઈવે પર વધતી અવરજવરને ધ્યાનમાં રાખીને વનવિભાગ સિંહોને સુરક્ષિત રીતે રોડ ક્રોસ કરાવે અને પેટ્રોલિંગ વધારે તેવી માંગણી પણ કરી હતી.

### ધારી લાયબ્રેરી પાસે ત્રણ સિંહણ કેમેરામાં કેદ

ધારી લાયબ્રેરી વિસ્તારમાં વહેલી સવારે ત્રણ સિંહણ સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. આ ઘટના સવારે ૪ વાગ્યાની આસપાસ બની હતી.વાયરલ થયેલા વીડિયોમાં ત્રણેય સિંહણ એક ગાયનો શિકાર કરતી જોવા મળે છે. આ ઘટના ફરી એકવાર સાબિત કરે છે કે ધારી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહોનો મોટો સમુહ વસવાટ કરે છે.

### વામાંથી બચાવેલા બાળસિંહનું માતા સાથે મિલન

ધારી તાલુકાના રામપરા ગામે કૂવામાં પડી ગયેલા બાળસિંહનું ત્રણ દિવસની જહેમત બાદ વન વિભાગ દ્વારા તેની માતા સાથે મિલન કરાવવામાં આવ્યું છે.

આ ઘટના રામપરા ગામમાં સરસીયા રેન્જની રાઉન્ડ છતડીયા બીટ વિસ્તારમાં બની હતી. દિનેશભાઈ સખરેલીયાની વાડીના કૂવામાં એક માદા સિંહ બાળ અકસ્માતે પડી ગયું હતું.

વન વિભાગને જાણ થતાં જ રેસ્ક્યુ ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી સિંહ બાળને સુરક્ષિત રીતે કૂવામાંથી બહાર કાઢ્યું હતું.

બચ્ચાને બહાર કાઢ્યા બાદ વન વિભાગે તેની માતાને શોધવા માટે સતત ત્રણ દિવસ સુધી સઘન પ્રયાસો કર્યા હતા. આખરે, વન વિભાગની ટીમને સફળતા મળી અને સિંહ બાળનું તેની માતા સાથે મિલન શક્ય બન્યું.

# મનપાના ઇસ્ટઝોનના આસી. ઇજનેર ઉપર હુમલો થતાં ઘેરા પ્રત્યાઘાતો પડયા : એજન્સીને બ્લેક લીસ્ટ કરવા આદેશ

રાજકોટ,

રાજકોટ મહાનગર પાલિકાના ઈસ્ટઝોનમાં ફરજ બજાવતા આસી.ઈજનેર ધવલ.બી.ગોલાણીયા ઉપર પેટા કોન્ટ્રાક્ટરે હુમલો કરી ફડાકી ઝીંકી દેતા તેના ઘેરા પ્રત્યાઘાતો પડયા હતા અને તમામ ઈજનેરોએ ધરણા પર બેસી ગઇકાલે રામધૂન બોલાવી ડે.કમિશનરને રજૂઆત કર્યા બાદ આજે મ્યુનિ.કમિશનર અને સ્ટેન્ડિંગ ચેરમેન સહિતનાને ફરી રજૂઆત કરતા બનાવની ગંભીરતા સમજી આ પ્રકારના બનાવો રોકવા માટે સ્ટેન્ડિંગ ચેરમેન જયમીનભાઇ ઠાકરે એજન્સીને બ્લેક લીસ્ટ કરી પગલા લેવાની સુચના આપી હતી.

રાજકોટ મહાનગરપાલિકાના ઈસ્ટ ઝોનમાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ એન્જિનિયર પર પેટા કોન્ટ્રાકટર દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. પેવિંગ બ્લોકના કામના મેઝરમેન્ટ માટે નક્કી કરાયેલા સમય બદલાતા પેવિંગ બ્લોકના કામ કરતો પેટા કોન્ટ્રાક્ટર મનીષ વેકરિયા ઉશ્કેરાયો હતો અને ડેપ્યુટી ઈજનેરની ચેમ્બરમાં જ વોર્ડ નં. ૧૮ના આસિસ્ટન્ટ એન્જિનિયર ધવલ બી.ગોલાણિયા પર હુમલો કરી ફડાકા ઝીંકી દીધા



હતા અને મનપાના ઈજનેરોએ વિરોધ કરી ગઇકાલે ડે.કમિશનરને રજૂઆત કરી તંત્ર ફરિયાદી બને તેમ જણાવેલ તેમજ આ પ્રકારના કોન્ટ્રાક્ટર વિરૂધ્ધ પગલા લેવામાં આવે ત્યારબાદ આજે બપોરે ઈજનેર એસોસિએશન દ્વારા મ્યુનિ.કમિશનર અને સ્ટેન્ડિંગ ચેરમેનને આ મુદ્દે રજૂઆત કરતા સ્ટેન્ડિંગ ચેરમેને કોન્ટ્રાક્ટર વિરૂધ્ધ શા માટે પગલા ન લેવા તે માટે નોટિસ ફટકારી એજન્સી બ્લેક લીસ્ટ કરવામાં કેમ ન આવે તે સુચના અધિકારીઓને આપતા ઈજનેરોએ હડતાલ મોકૂફ રાખવાની જાહેરાત કરી હતી અને આગામી દિવસોમાં કોન્ટ્રાક્ટરની દાદાગીરી જણાય ત્યારે તરુંત ડે.કમિશનરને આ બાબતથી વાકેફ કરવામાં આવે તેવુ એસોસિએશન દ્વારા નક્કી કરવામાં આવ્યુ હતું.

# રાજકોટમાં દોઢ વર્ષની બાળાનું જંતુનાશક દવા પી જતાં મોત

## દીકરીને ઝનાના હોસ્પિટલમાં ખસેડી પરંતુ જીવ ન બચ્યો

રાજકોટ,

રાજકોટ શહેરની ભાગોળે આજીડેમ નજીક આવેલા હડમતીયા ગોલીડા ગામે વાડીમા ખેત મજુરી કરતા શ્રમીક પરીવારની એક વર્ષની બાળા રમતા રમતા જીરૂમા છાટવાની દવાનો ઘુટડો પી જતા તેમનાં માતા-પિતાએ પુત્રીને સારવાર અર્થે રાજકોટની ઝનાના હોસ્પીટલમા ખસેડી હતી. પરંતુ ત્યા સારવાર દરમ્યાન બાળકીનુ મૃત્યુ નીપજતા પરીવારમા શોક છવાઇ ગયો છે.

વધુ વિગતો મુજબ રાજકોટના આજીડેમ નજીક આવેલા હડમતીયા ગોલીડા ગામમા રહેતા કમલેશભાઇ નામનાં યુવાનની ૧ વર્ષની દીકરી નાનકી



જયદીપભાઇની વાડીએ રમતી હતી ત્યારે તેણીએ રમતા રમતા જીરુમા છાટવાની દવાની બોટલ હાથમા આવી જતા તેમણે એક ઘુટડો પી લીધો હતો અને બાદમા તેમનાં માતા-પિતા જોઇ જતા બાળકી પાસેથી આ બોટલ ઝુટવી લીધી હતી પરંતુ એ સમયે બાળકીને તબીયત લથડતા તેમણે સારવાર માટે રાજકોટ શહેરની ઝનાના હોસ્પીટલમા ખસેડવામા આવતા તેમનુ સારવાર દરમ્યાન મૃત્યુ નીપજયુ હતુ . પરીવારની પુછપરછમા જાણવા મળ્યુ હતુ કે મૃતક બાળકી એક ભાઇ બે બહેનમા વચેટ હતી અને તેમનાં માતા-પિતા જયદીપભાઇની વાડીએ ખેત મજુરી કરે છે તેમજ મૃતકનો પરીવાર મુળ મધ્યપ્રદેશનો વતની હોવાનુ જાણવા મળ્યુ છે માસુમ દીકરીનાં મૃત્યુથી પરીવારમા શોક છવાઇ ગયો છે.

### રાજકોટના પેડક રોડ પર બહેનના ઘર પાસે ભાઈએ ફીનાઇલ પી લીધું : સારવાર દાખલ

રાજકોટ,

રાજકોટના જામનગર રોડ પર મનહરપુર-૨ માં રહેતા યુવાને ટેન્શનના કારણે પેડક રોડ પર સેટેલાઇટ ચોક પાસે બહેનના ઘર પાસે ફીનાઇલ પી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયા છે. મળતી વિગત મુજબ રાજકોટના મનહરપુર-૨ માં રહેતા સુરેશભાઇ લાખાભાઇ અંગેચણીયા (ઉ.વ.૪૮) એ સવારે પેડક રોડ પર સેટેલાઇટ ચોક પાસે રહેતી તેની બહેનના ઘર પાસે ફીનાઇલ પી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયા છે. સારવાર લઇ રહેલા સુરેશભાઇ ખેતી કરે છે. તેને સંતાનમાં ચાર પુત્ર અને ત્રણ પુત્રી છે. તે ત્રણ ભાઇ અને એક બહેનના નાના છે. તે ઘણા સમયથી ટેન્શનમાં રહેતા હતા તેના કારણે તેણે આ પગલુ ભર્યુ હોવાનું ખુલ્યું હતું.

# રાજકોટ મહિલા કોલેજ અંડરબ્રિજ પાસેથી બે વાહનચોર ઝડપાયા

રાજકોટ,

રાજકોટ શહેરનાં ત્રીકોણબાગ પાસે આવેલા શુલભ શૌચાલય પાસે વાહન ચેકીંગ દરમ્યાન બે શખ્સોને ચોરાઉ કેટીએમ બાઇક સાથે એ ડીવીઝન પોલીસે ઝડપી લીધા હતા બંનેની પુછપરછ દરમ્યાન આ કેટીએમ બાઇક મહીલા કોલેજ અંડરબ્રીજ પર આવેલા એલઆઇસીની ઓફીસ પાસેથી ચોરી કરી હોવાની કબુલાત આપી હતી.

વધુ વિગતો મુજબ રાજકોટ એ ડીવીઝન પોલીસ મથકનાં પીઆઇ બોરીસાગરનાં માર્ગદર્શન હેઠળ ડી સ્ટાફનાં હેડ કોન્સ્ટેબલ કનુભાઇ બસીયા, સાગરભાઇ અને રમેશભાઇ સહીતનો સ્ટાફ ત્રીકોણબાગ નજીક આવેલા શુલભ શૌચાલય પાસે વાહન ચેકીંગ કરતો હતો.ત્યારે બે શખ્સો ત્યાથી કેટીએમ બાઇક લઇને નીકળતા બંનેને અટકાવ્યા હતા બંનેની પુછપરછ કરતા તેઓએ તેઓનાં નામ નાકરાવાડી નજીક પીપડીયા ગામે રહેતા સંજય ચતુર સોલંકી અને તેની સાથેનાં કાનો વીનુભાઇ મકવાણા હોવાનુ જણાવ્યુ હતુ . બંનેની પુછપરછ કરતા તેઓએ કાગળ નહી હોવાનુ જણાવ્યુ હતુ અને ત્યારબાદ સઘન પુછપરછ દરમ્યાન કબુલાત આપી હતી કે તેઓએ આ બાઇક મહીલા કોલેજ અંડર બ્રીજ પાસેથી ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી આ બંને સામે વાહન ચોરી સહીત ચારેક ગુના નોંધાઇ ચુકયા છે.


**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**LCs ખાતે બેટરી સહિત IPS ની જોગવાઈ, ટાઈપ-II ક્વૉટર્સનું બદલીકરણ અને ટર્નઆઉટના સ્થળાંતર દ્વારા ખરાબ લેઆઉટની સુધારણા**

ઈ-ટેન્ડર નોટીસ નં. ૪૪ વર્ષ ૨૦૨૫-૨૬ — તારીખ : ૦૫-૦૧-૨૦૨૬

| અનું. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | NITની અંદાજીત પડતર (₹) | અર્નેસ્ટમની (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૬૦R | રાજકોટ ડિવિઝન :- આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જીનિયર - વાંકાનેર હેઠળ LC નં. ૬૯, ૭૪, ૮૨, ૯૦ ખાતે બેટરી રૂમ સહિત IPS ની જોગવાઈ. | ૩૫,૨૯,૪૮૫.૩૬ | ૭૦,૬૦૦.૦૦ |
| ૦૨ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૦૩R૨ | રાજકોટ ડિવિઝન :- ઓખા :- ટાઈપ-II ક્વૉટર્સ (૧૬ નંગ) નું બદલીકરણ. | ૩,૨૭,૬૪,૬૯૦.૫૪ | ૩,૧૩,૮૦૦.૦૦ |
| ૦૩ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૯૩ | કાનાલુસ : ટર્નઆઉટના રાજકોટ તરફ ૧૮m સુધી સ્થળાંતર દ્વારા પોરબંદર બાજુ પોઈન્ટ ૧૧૨ થી ખરાબ લેઆઉટની સુધારણા. | ૨૬,૭૧,૦૩૫.૪૫ | ૫૩,૪૦૦.૦૦ |

**ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** ૨૯-૦૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે. **ઓફિસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-૩૬૦ ૦૦૧. **વેબસાઈટઃ** www.ireps.gov.in RJT-181

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


સૌરાષ્ટ્ર આજતક

Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

# ઉચ્ચ શિક્ષણ સમસ્યાઓના ઉકેલો

ગુજરાત રાજયના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનુ પ્રવાસન ક્ષેત્ર આગવું સ્થાન પ્રાપ્ત થાય તે માટે દર વર્ષે રાજ્યના વિવિધ શહેરોમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજવાની શરૂઆત કરવામાં આવેલ હતી. જે પરંપરા મુજબ આ વર્ષે પણ રાજ્ય સરકાર દ્વારા રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનુ રાજકોટ ખાતે તા.૧૦/૦૧/૨૦૨૬ શનિવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકે કવિ રમેશ પારેખ રંગ દર્શન ઓપન એર થીએટર, રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે આયોજન કરેલ છે. અગાઉ ડીએચ કોલેજ ખાતે કાર્યક્રમ યોજાવાનો હતો પરંતુ વડાપ્રધાનનો રોડ શો રદ થતા રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાલી રહેતા હવે રેસકોર્ષમાં પતંગોત્સવ યોજવાની જાહેરાત કરવામાં આવી છે.

આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬માં ઓસ્ટ્રેલીયા, બ્રાઝિલ, કોલમ્બિયા, ડેનમાર્ક, સિંગાપોર, થાઈલેન્ડ, સ્વીડન, યુનાઈટેડ કિંગડમ જેવા કુલ-૨૧ દેશો તથા ભારતના મહારાષ્ટ્ર, રાજસ્થાન, બિહાર, ઓડિશા, તામિલનાડુ, સિક્કિમ, વેસ્ટ બેંગાલ સહિત વિવિધ રાજ્યોના પતંગવીરો ભાગ લેશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬ના અનુસંધાને આયોજન અને વ્યવસ્થાને આખરી ઓપ આપવા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬ના અનુસંધાને આયોજન અને વ્યવસ્થાને આખરી ઓપ આપવા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજ તા.૦૬/૦૧/૨૦૨૫, મંગળવારના રોજ રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, નાયબ મ્યુનિસિપલ કમિશનર સમીર ધડૂક, સિટી એન્જીનીયરઓ, સહાયક કમિશનર, મેનેજરઓ, ડેપ્યુટી સિટી એન્જીનીયરઓ, વોર્ડ ઓફિસરઓ અને રાજકોટ મહાનગરપાલિકાના અન્ય અધિકારીઓ-કર્મચારીઓ, ગુજરાત પ્રવાસન વિભાગના પ્રતિનિધિ તેમજ એજન્સીના પ્રતિનિધિઓ સાથે પતંગ મહોત્સવ સ્થળની મુલાકાત કરવામાં આવી જેમાં, મુખ્ય સ્ટેજ, સાઉન્ડ, એન્ટ્રી પોઈન્ટ, વી.આઈ.પી. પાર્કિંગ, જનરલ પાર્કિંગ, પતંગવીરોના સ્ટોલ, ડાયસ કાર્યક્રમ, પ્રેસ-મીડિયા વ્યવસ્થા, સલામતી બંદોબસ્ત, સફાઈ વગેરે બાબતોનું રીવ્યું કરવામાં આવ્યું તેમજ અધિકારીઓને તથા વિવિધ કામની એજન્સીના પ્રતિનિધિઓને સુચના આપવામાં આવી અને કાર્યક્રમ ખૂબ સફળ



થાય તે મુજબ કામગીરી કરવા જણાવવામાં આવેલ.

રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડિયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ શહેરીજનોને આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬ નિહાળવા ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવેલ છે.

# અમરેલી જિલ્લાના કલા વારસાને આગળ લઈ જવો એ સૌની સામૂહિક જવાબદારી - શ્રી પરશોત્તમભાઈ રૂપાલા

## સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા—૨૦૨૬નું આયોજન, ૩૨૮૭ સ્પર્ધકોની રેકોર્ડ ભાગીદારીઃ ઇફકોના ચેરમેન દિલિપભાઈ સંઘાણીના હસ્તે સ્પર્ધા ખુલ્લી મુકાઈ, જુદી જુદી ૨૦ સ્પર્ધામાં પહેલીવાર ફટાણાનો સમાવેશ કરાયો

અમરેલી,

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સાંસ્કૃતિક જાગૃતિના આહવાનને સાર્થક રૂપ આપતા, અમરેલી જિલ્લાના વતની અને રાજકોટના સાંસદશ્રી, પરશોત્તમભાઈ રૂપાલાના માર્ગદર્શન હેઠળ છેલ્લા ત્રણ વર્ષથી અમરેલી જિલ્લામાં સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે આયોજિત સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા—૨૦૨૬માં કુલ ૩૨૮૭ સ્પર્ધકોએ ભાગ લઈ રેકોર્ડ સર્જ્યો છે. નૂતન મિડલ સ્કૂલ, અમરેલી ખાતે આયોજિત આ સ્પર્ધાનું ઉદ્ઘાટન માન. શ્રી પરશોત્તમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્ઘાટક તરીકે ઈફકો, એન.સી.યુ.આઈ. તથા



ગુજકોમાસોલના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મદદ ટ્રસ્ટ, અમરેલી વતી અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલિયાએ સૌનું સ્વાગત કર્યું હતું.

આ સ્પર્ધામાં અમરેલી જિલ્લાના યુવા કલાકારોમાં રહેલી સુપ્ત પ્રતિભાને બહાર લાવવા માટે કુલ ૨૦ વિવિધ સ્પર્ધાઓનું આયોજન ત્રણ વય જૂથમાં (૮ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૯ વર્ષ અને ૩૦ વર્ષથી ઉપર) કરવામાં આવ્યું હતું. રાસ, ગરબા, લોકગીત, ભજન, શાસ્ત્રીય નૃત્ય, લોકવાદ્ય, સુગમ સંગીત, ફટાણા સહિતની વિવિધ કલાઓમાં સ્પર્ધાઓ યોજાઈ હતી. ખાસ કરીને ફટાણા સ્પર્ધાનું પ્રથમ વખત સ્વતંત્ર આયોજન કરવામાં આવ્યું હતું. ફટાણાની સ્પર્ધામાં ૧૩૨ સ્પર્ધકોએ નોંધણી કરાવી હતી. રાજકોટના સાંસદશ્રી, પરશોત્તમભાઈ રૂપાલાએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, આ સાંસ્કૃતિક સ્પર્ધા માત્ર એક વ્યક્તિની નહીં પરંતુ સમગ્ર અમરેલી જિલ્લાની સ્પર્ધા છે. જિલ્લાના કલાકારોની કલાને આગળ વધારવી અને સાંસ્કૃતિક વારસાને સંવર્ધિત કરવું એ સૌની સામૂહિક જવાબદારી છે. આગામી વર્ષોથી આ સ્પર્ધાને 'અમરેલી જિલ્લા સાંસ્કૃતિક સ્પર્ધા' તરીકે વધુ વ્યાપક સ્વરૂપે આયોજિત કરવાની પણ તેમણે ભાવના વ્યક્ત કરી હતી. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર તથા આવાગમન ખર્ચ આપવામાં આવ્યો હતો. પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર સ્પર્ધકોને સાવકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા સહિતના ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## રાજકોટમાં રવિરત્ન પાર્ક નાગરિક મંડળ દ્વારા રાશન કીટનું વિતરણ કરાયું



રાજકોટ,

રાજકોટ રવિરત્ન પાર્ક નાગરિક મંડળ દ્વારા ૨૩૫ નિરાધાર પરિવારોને રાશન કીટ વિતરણ સમારોહનું ગઈકાલ તા.૪ના રોજ ૨૩૫ આયોજન કરવામાં આવ્યું હતું. રાશન કીટ સાથે વધારાની સામગ્રી જેમાં બાજરી, અડદિયા, ગોળનું વિતરણ કરાયું હતું.

આ તકે દાતા તરીકે છગનભાઈ સાવલિયા, ઈન્દુભાઈ હીરાણી તથા પ્રભુદાસ ભાઈ ભાડજા હતા. સૌ પ્રથમ તમામ લાભાર્થીઓને નાસ્તો અમેરિકાથી પધારેલ દાતા સ્નેહલભાઈ કંટેસરિયા તરફથી કરવામાં આવેલ. સમારોહના અતિથિ વિશેષ તરીકે દાતા પ્રેમચંદભાઈ અઘેરા, મહેશભાઈ પટેલ, છગનભાઈ સાવલિયા, મનસુખભાઈ ધોળકિયા, ઈન્દુભાઈ હીરાણી, અમેરિકાથી પધારેલ સ્નેહલભાઈ કંટેસરિયા, પ્રિતિ બેન કંટેસરિયા, મગનભાઈ કોરડીયા, મંજુલાબેન કોરડિયા, પ્રભુદાસભાઈ ભાડજા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## લીલીયા મોટા ખાતે રામજી મંદિરનો શતાબ્દીઇ મહોત્સહવ યોજાયો

### ૩ દિવસીય કાર્યક્રમ દરમિયાન જલયાત્રા, જુવારા યાત્રા, ઘ્વીજયાત્રા, વિષ્ણુથ મહાયાગ સહિતનાં ધાર્મિક કાર્યક્રમ યોજાયા : હનુમાન ચાલીશા, સંતવાણી, શોભાયાત્રા, મહા આરતી, મહાપ્રસાદ સહિતનાં ધર્મોત્સથવ યોજાયા

અમરેલી,

લીલીયા મોટા ખાતે રામજી મંદિરના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા સમગ્ર ગ્રામજનો દ્વારા ત્રિદિવસીય શતાબ્દીમમહોત્સજવનું આયોજન કરવામાં આવેલ. ત્યારે આજે કાર્યક્રમની પૂર્ણાહુતિ નિમિત્તે વહેલી સવારથી ભાવિકોની ભારે ભીડ રામજી મંદિર ખાતે ઉમટી પડી હતી. મંદિરના પટાંગણમાં પંચકુંડી મહા વિષ્ણુ યાગ યજ્ઞની પૂર્ણાહુતિ, મહા આરતી ત્યારબાદ ધજાના મુખ્યમ યજમાન વિભાભાઈ ભરવાડના વરદ હસ્તેવ મંદિરના શિખર પર ધજા લહેરાવવામાં આવી હતીઉ બપોરના ૩ કલાકે રામજી મંદિર ખાતે ભવ્યાતિ ભવ્યા ભગવાન શ્રીરામની શોભાયાત્રાનો પ્રારંભ કરવામાં આવેલઉ શોભાયાત્રા શહેરના મુખ્ય? માર્ગ પર ફરી હતી જે લેઉઆ પટેલ સમાજની વાડી ખાતે સંપન્ન થયેલઉ આ શોભાયાત્રામાં મોટી સંખ્યા?માં ભાઈઓ તથા બહેનો સહિત રામ ભકતો અને યુવાનો જોડાયા હતા.ત્યાયરબાદ પટેલ વાડી ખાતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. ત્રિદિવસીય શતાબ્દીઈ મહોત્સતવને સફળ બનાવવા બાબુભાઈ ધામત, મનસુખભાઈ ચોપડા, મગનભાઈ વિરાણી, ચંદુભાઈ ચાવડા, ડોકટર કુંભાણી, સવજીભાઈ



ભડકોલીયા, કમલેશ બાપુ અગ્રાવત, દિલીપભાઈ શેખલીયા, દિનેશભાઈ સંગતાણી, નિલેશભાઈ શેખલીયા, ધર્મેશભાઈ ગાયજન, યોગેશભાઈ દવે, મનોજભાઈ જોશી, રાજેશભાઈ ચાવડા, રમેશભાઈ ભડકોલીયા, મંદિરના પુજારી પ્રવીણબાપુ અગ્રાવત, મુકેશભાઈ ધામત, મિતુલદાદા પંડયા, ભાનુદાદા દવે સહિતના ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી. જયારે કોઈ અનિચ્છંનીય બનાવ ન બનેતેવા શુભ હેતુથી લીલીયા પોલીસ સ્ટેગશનના પી.આઈ. એમ.ડી.સાળુંકેની સૂચના અને માર્ગદર્શન તળે પીએસઆઈ જાડેજા દ્વારા ચુસ્ત્ પોલીસ બંદોબસ્ત. ત્રિદિવસીય કાર્યક્રમ અંતર્ગત ગોઠવવામાં આવેલ હતો.

## અમરેલીમાં પોસ્ટફ ઓફિસ પાછળનો માર્ગ નર્કાગારની સ્થિઆતિમાં પાલિકા કચેરીથી માત્ર ૧૦૦ મીટર દૂર આવેલ માર્ગ શહેરની વાસ્તાવિકતા દર્શાવી રહ્યો છે

મિલાપ રૂપારેલ અમરેલી,

અમરેલી શહેરમાંથી ગંદકી દૂર કરીને સ્વતચ્છહતાનો માહોલ ઉભો કરવા માટે દર મહિને પાલિકા ઘ્વાલરા શહેરીજનોનાં પરસેવાનાં લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવતો હોવા છતાં પણ શહેરનાંઅંતરિયાળ તો દૂર જાહેર માર્ગો પરથી પણ ગંદકી દૂર થતી નથી અને આવું એક દ્રશ્ય પાલિકાકચેરીથી માત્ર ૧૦૦ મીટર દૂર આવેલ પોસ્ટન ઓફિસ પાછળનાં માર્ગ પરથી સામે આવી રહ્યું છે.હેડ પોસ્ટા ઓફિસ અને બીએસએનએલ કચેરી પાછળ આવેલ જુના માર્કેટયાર્ડ રોડ પરથી

પાલિકા કચેરી તરફ જતો માત્ર ૩૦૦ થી ૪૦૦ મીટરનો માર્ગનર્કાગારની સ્થિઆતિમાં જોવા મળી રહ્યો છે.

આ માર્ગ ઉપરથી દરરોજ હજારો શહેરીજનો પગપાળા, ટુ- વ્હીલર કે કાર ઘ્વાથરા પસાર થઈ રહ્યા છે.ટ્રાફિક ધરાવતાં માર્ગ ઉપર પોસ્ટજ ઓફિસ પાછળની દીવાલથી લઈને બીએસએનએલની પાછળની દીવાલ સુધી કેબિનોની હારમાળા જોવા



મળે તો સામેની બાજુની દીવાલ નજીક ગંદકીનાં ગંજ ખડકાયા છે અને ગંદકી ફેંદતી ગૌ-માતાનાં દ્રશ્યો રોજિંદા સામે આવી રહ્યા છે અને કોઈપણ શહેરીજનને માર્ગ પરથી પસાર થવું હોય તો નાકે રૂમાલ બાંધીને પસાર થવું પડે તેટલી બદબુ માર્ગ ઉપરથી આવી રહી છે.

અમરેલીનાં શહેરીજનો ધીરજ પ્રકૃતિનાં હોવાનાં ભરપૂર લાભ પાલિકાનાં શાસકો લઈ રહ્યા છે અને પદાધિકારીઓ પણ આ બાબતે ગંભીરતા દાખવતાં નથી. પણ અમુક નાગરિકો આ બાબતે મીડિયાનું ઘ્યા ન દોરી રહ્યા છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ૪૦ વિદ્યાર્થીઓની રાજ્ય સરકારની સ્કોલરશીપ માટે પસંદગી

## વિદ્યાર્થીઓને બે વર્ષ સુધી દર મહિને રૂા. ૧૫૦૦૦ નું મળશે

જૂનાગઢ,

જૂનાગઢ કૃષિ યુનિવિસર્ટીમાં વિવિધ વિદ્યાશાખાઓમાં અલગ અલગ વિષયોના પીએચ.ડી. અભ્યાસક્રમો ચાલે છે. જેમા ગુજરાત સહિત અન્ય રાજ્યો તેમજ વિવિધ દેશોમાંથી વિદ્યાર્થીઓ ગુણવત્તાસભર શિક્ષણનો લાભ લેવા બહોળી સંખ્યામાં અભ્યાસ અર્થે આવતા હોય છે.

ગુજરાતના વિદ્યાર્થીઓમાં રહેલી સંશોધનની ક્ષમતાને વિકસાવી અને પ્રોત્સાહન પુરુ પાડવા માટે ગુજરાત સરકાર દ્વારા અંતર્ગત દર વર્ષે પીએચ.ડી.માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાની યોજના અમલમાં મુકી છે, આ યોજના અંતર્ગત રાજયની માન્ય યુનિવર્સિટીમાં ગુણવતાયુક્ત સંશોધન કરતા વિદ્યાર્થીઓને બે વર્ષ સુધી દર મહિને રૂા. ૧૫૦૦૦/-નું સ્ટાઈપન્ડ આપવામાં આવે છે. આ ઉપરાંત પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને આનુસંગિક ખર્ચ માટે વાર્ષિક રૂા. ૨૦,૦૦૦/- અલગથી આપવામાં આવે છે. આ યોજનાથી વિદ્યાર્થીઓમાં સંશોધનની સજ્જતા વધશે, જેનાથી ગુજરાતની જ્ઞાનસંપદામાં બહુલક્ષી વૃધ્ધિ થશે, તેમજ ગુજરાત રાજ્યમાં ઉચ્ચ માન્યતા પ્રાપ્ત આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ વચ્ચે સ્કોલર વિદ્યાર્થીઓનો સમુદાય તૈયાર કરવા ઉપરાંત અન્ય ઘણા લાભો થશે. કુલપતિ ડો. વી.પી. ચોવટીયાએ ગુજરાત રાજયમાં આવેલ ચારેય કૃષિ યુનિવર્સિટીઓમા સૌથી વધુ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની જુદી જુદી વિદ્યાશાખાઓના કુલ ૪૦ વિદ્યાર્થીઓને આ સ્કોલરશીપ માટે પસંદગી કરવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૧૩૮ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળી ચૂકી છે. આ સિધ્ધિ મેળવવા બદલ કુલપતિ ડો. વી.પી. ચોવટીયા દ્વારા આ યોજનામાં પસંદ થયેલ સર્વે વિદ્યાર્થીઓ, કુલસચિવશ્રી, ડો. વાય. એચ. ઘેલાણી, યોજનાના યુનિવર્સિટી નોડલ અધિકારી, ડો. આર. એમ. સોલંકી તથા અન્ય યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, વિદ્યાર્થીઓના સર્વે મેજર એડવાઈઝરશ્રીઓ, તમામ અધિકારીશ્રીઓ-કર્મચારીઓ તથા આ યોજના સાથે સંકળાયેલ તમામ સ્ટાફને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# રાજકોટમાં સદભાવના વૃદ્ધાશ્રમ મેડિકલ સ્ટોર એક માસમાં એક કરોડ રૂપિયાનું ડિસ્કાઉન્ટ આપ્યું

## અત્યાર સુધીમાં ૪૦ કરોડથી વધુ દવાનું વેચાણ, જેમાં ૧૦ કરોડથી વધુ ડિસ્કાઉન્ટ




રાજકોટ,

સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર, (૧) નાના મવા ચોક, આર.કે.પ્રાઈમ, સિલ્વર હાઈટસ પાસે, રાજકોટ, (૨) શ્યામ પ્રભુ - ૩, શોપ નો. ૧-૨-૩-૪, ગ્રાઉન્ડ ફલોર, બાપા સીતારામ ચોક પાસે, નક્ષત્ર - ૭ ની બાજુમાં, રૈયા રોડ, રાજકોટ, ખાતે ચાલી રહેલ, સદભાવના વૃદ્ધાશ્રમના મેડિકલ સ્ટોર્સમાં અત્યારે રોજનું ૧૦ લાખ રૂપિયાની દવાઓનું વેંચાણ થઈ રહ્યું છે અને માત્ર બાર મહિનાના ટૂંકા ગાળામાં સમગ્ર પણે કરોડો રૂપિયાની રાહત દર્દીઓને અપાઈ ચુકી છે, ૨૦% થી લઈ ૬૫% સુધી ડિસ્કાઉન્ટ અપાય છે, એટલે કે સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર દર્દીનારાયણ, દરિદ્ર નારાયણની સેવા માટે ભગીરથ કાર્ય કરવામાં નિમિત બન્યું છે. ૬૦ લોકોનો સ્ટાફ કાર્યરત છે, દર મહિને ૩૦ હજાર જેટલા દર્દીઓ લાભ લ્યે છે. અત્યાર સુધીમાં ૪૦ કરોડથી વધુ દવાનું વેચાણ, જેમાં ૧૦ કરોડથી વધુ ડિસ્કાઉન્ટ આપેલ છે. સદભાવના વૃદ્ધાશ્રમ મેડિકલ સ્ટોર (રાજકોટ) દ્વારા ડિસેમ્બર - ૨૦૨૫, માત્ર એક મહિના માં ચાર કરોડ ની કિંમત ની દવા મૂળ ભાવે ત્રણ કરોડ માં આપી એક કરોડ રૂપિયા નું ડિસ્કાઉન્ટ દર્દીઓને આપવામાં આવ્યું છે.

સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર દ્વારા પડતર કિમતે દવા અને સર્જીકલ સાધનોનું વેચાણ કરતો એક સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર શરૂ કરવો એવો નિર્ધાર કર્યો અને ૨૪ મહિના પૂર્વે નાના મવા સર્કલ પાસે સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર શરૂ કર્યો છે.

દવાની વધતી જતી માંગ અને દર્દીનારાયણને વધુને વધુ આ સેવાનો લાભ મળે તે હેતુથી સદભાવના વૃધ્ધાશ્રમ મેડીકલ સ્ટોરના સંચાલકો દ્વારા જરૂરીયાતમંદ દર્દીનારાયણ–દરીદ્રનારાયણની સેવામાં વધુ એક મેડીકલ સ્ટોર રાજકોટના રૈયા રોડ ખાતે શરૂ કરાયો છે.

સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોરનાં નિમિત સંચાલકોએ વધુમાં જણાવ્યું છે કે, અગિયાર મહિનાના ગાળામાં મેડિકલ સ્ટોર તરફથી સમગ્રપણે કરોડો રૂપિયાનું ડિસ્કાઉન્ટ દર્દીનારાયણોને આપવામાં આવ્યું છે. અહિયાં ૨૦ % થી લઈ ૬૫ % સુધીનું ડિસ્કાઉન્ટ દવા, ઈન્જેકશન અને સર્જીકલ સાધનો પર આપવામાં આવે છે. ડોક્ટર જે દવા લખી આપે છે એ જ સ્ટાન્ડર્ડ દવા સદભાવના વૃદ્ધાશ્રમ મેડિકલ સ્ટોરમાંથી આપવામાં આવે છે.

વધુ વિગતો માટે સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર,(૧) નાના મવા ચોક, આર.કે.પ્રાઈમ, સિલ્વર હાઈટસ પાસે, રાજકોટ,(૨) શ્યામ પ્રભુ - ૩, શોપ નો. ૧-૨-૩-૪, ગ્રાઉન્ડ ફ્લોર, બાપા સીતારામ ચોક પાસે, નક્ષત્ર- ૭ ની બાજુમાં, રૈયા રોડ, રાજકોટ, મો. ૯૦૮૧૮૧૨૧૮૨ નો સંપર્ક કરવા સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોરનાં માનદ સંચાલક ભુપતભાઈ રાદડિયાની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાના બે ફેસબુક ફેક એકાઉન્ટ બન્યાં




રાજકોટ,

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા ના નામના બે ફેસબુક ફેક આઈડી બનાવી સાયબર માફિયાઓએ શહેરના અલગ અલગ શ્રેષ્ઠિઓને ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી છે. જે અંગે પોલીસ કમિશ્નર દ્વારા લોકોને સાવચેત રહેવાં અપીલ કરાઈ છે.

પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા સાંજ સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તેઓના નામના બે ફેક ફેસબુક એકાઉન્ટ બન્યાં હોવાની જાણ ગઈકાલે થઈ હતી. જે મામલે સાયબર ક્રાઈમને જાણ કરવામાં આવી છે.

ઉપરાંત જે જે લોકો અને સમાજ શ્રેષ્ઠીઓને ફેસબુક ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી છે તેને એક્સેપટ ન કરવા તેમજ લોકોને સાવચેત રહેવા આપીલ કરી છે.

ઉપરાંત ડીસીપી ક્રાઈમ બાંગરવાએ જણાવ્યું હતું કે, પોલીસ કમિશ્નરના ફેક આઈડી મામલે વિગત મંગાવાઈ છે. જે રિપોર્ટના આધારે કાર્યવાહી હાથ ધરાશે.

### વાઈબ્રન્ટ ગુજરાત ના નેજા હેઠળ GEJPC દ્વારા

# રાજકોટમાં પ્રથમ વખત જ્વેલરી માટે આંતરરાષ્ટ્રીય રિવર્સ બાયર–સેલર મીટ (RBSM) નું ૧૨–૧૩ જાન્યુઆરીએ આયોજન

## રાજકોટ હંમેશાથી પ્લેન ગોલ્ડ જ્વેલરીનું એક મહત્વપૂર્ણ મેન્યુફેક્ચરિંગ હબ રહ્યું છે. અહીંની કારીગરી, ચોકસાઈ અને શુદ્ધતાને સમગ્ર દેશમાં માન્યતા પ્રાપ્ત છે




**જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ હબ તરીકે વિકસાવવાનો અમારો દ્રઢ સંકલ્પ છે.": GJEPCના ચેરમેન : કિરીટ ભણસાલી**

"રિવર્સ બાયર–સેલર મીટ વૈશ્વિક બાયર્સને ભારતના મજબૂત મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર્સ સાથે જોડતું વ્યૂહાત્મક પ્લેટફોર્મ છે. ગુજરાત સરકાર દ્વારા ય્ત્નઈંઝને ઈન્ડસ્ટ્રી પાર્ટનર તરીકે આ કાર્યક્રમ આયોજિત કરવાની તક આપવા બદલ અમે આભારી છીએ. રાજકોટ ય્ત્નઈંઝ માટે પ્રાથમિક ક્લસ્ટર છે અને તેને જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ હબ તરીકે વિકસાવવાનો અમારો દ્રઢ સંકલ્પ છે."

**BSM રાજકોટને વૈશ્વિક મંચ પર સ્થાન અપાવવાનો પાયો છે.": રીજનલ ચેરમેન – ગુજરાત, GJEPC : શ્રી જયંતિ સાવલિયા**

"રાજકોટ પ્લેન ગોલ્ડ, એન્ટીક, સિલ્વર અને ડાયમંડ સ્ટડેડ જ્વેલરીનું મજબૂત ઉત્પાદન કેન્દ્ર છે, પરંતુ આંતરરાષ્ટ્રીય એક્સપોઝરના અભાવે તેને યોગ્ય ઓળખ મળી નહોતી. વાયબ્રન્ટ ગુજરાતના માધ્યમથી આયોજિત આ ઇ્જીસ્ રાજકોટને વૈશ્વિક મંચ પર સ્થાન અપાવવાનો પાયો છે."

રાજકોટ

રાજકોટના જેમ એન્ડ જ્વેલરી ઉદ્યોગ માટે આવનારા દિવસો ઐતિહાસિક સાબિત થવા જઈ રહ્યા છે. ૧૨ અને ૧૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાજકોટ ખાતે પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય રિવર્સ બાયર–સેલર મીટ (RBSM) નું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ કાર્યક્રમ વાઈબ્રન્ટ ગુજરાત પ્લેટફોર્મ હેઠળ, જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC) દ્વારા આયોજિત કરવામાં આવ્યો છે, જેમાં ગુજરાત સરકારનો સક્રિય સહયોગ અને માર્ગદર્શન પ્રાપ્ત છે. આ ઇ્જીસ્ એ માત્ર એક ટ્રેડ ઈવેન્ટ નહીં, પરંતુ રાજકોટના ઉદ્યોગને વૈશ્વિક મંચ પર સ્થાપિત કરવાની દિશામાં એક વ્યૂહાત્મક પહેલ છે. પ્રથમ વખત એવું બની રહ્યું છે કે વિદેશી બાયર્સ જાતે રાજકોટ આવીને અહીંના ઉત્પાદકો સાથે સીધી બિઝનેસ ચર્ચા કરશે, જે રાજકોટ માટે એક નવી ઓળખ અને નવી તકો લઈને આવશે.પરંપરાગત બાયર–સેલર મીટમાં ભારતીય ઉત્પાદકો વિદેશ જઈને બાયર્સને મળે છે, જ્યારે રિવર્સ બાયર–સેલર મીટમાં આંતરરાષ્ટ્રીય બાયર્સને ભારતના ઉત્પાદન ક્લસ્ટરમાં આમંત્રિત કરવામાં આવે છે.

આ મોડલ ખાસ કરીને સ્જીસ્ઈ ઉત્પાદકો માટે અત્યંત લાભદાયક છે, કારણ કે તે તેમને સીધી આંતરરાષ્ટ્રીય માર્કેટ એક્સપોઝર આપે છે લાંબા ગાળાના બિઝનેસ સંબંધો સ્થાપિત કરવાની તક આપે છે ઉત્પાદન ક્ષમતા અને કારીગરી જાતે દર્શાવવાની સગવડ આપે છે રાજકોટ માટે આ મોડલ ખાસ મહત્વનો છે, કારણ કે અહીંનો ઉદ્યોગ મજબૂત ઉત્પાદન ક્ષમતાવાળો હોવા છતાં આંતરરાષ્ટ્રીય બ્રાન્ડિંગથી દૂર રહ્યો છે. રાજકોટ હંમેશાથી પ્લેન ગોલ્ડ જ્વેલરીનું એક મહત્વપૂર્ણ મેન્યુફેક્ચરિંગ હબ રહ્યું છે. અહીંની કારીગરી, ચોકસાઈ અને શુદ્ધતાને સમગ્ર દેશમાં માન્યતા પ્રાપ્ત છે.છેલ્લા કેટલાક વર્ષોમાં રાજકોટનો ઉદ્યોગ નોંધપાત્ર રીતે વિકસ્યો છે અને હવે તે માત્ર પ્લેન ગોલ્ડ પૂરતો સીમિત નથી રહ્યો.

આ ઉપરાંત, ટૂલ્સ, ડાઈઝ અને જ્વેલરી મશીનરી ક્ષેત્રે રાજકોટનું યોગદાન સમગ્ર ભારતના જેમ એન્ડ જ્વેલરી ઉદ્યોગ માટે આધારસ્તંભ સમાન રહ્યું છે. દેશના અનેક ક્લસ્ટર્સ રાજકોટમાં બનેલા ટૂલ્સ અને મશીનરી પર આધાર રાખે છે.

છતાં પણ, આંતરરાષ્ટ્રીય માર્કેટ સુધી સીધી પહોંચ અને વૈશ્વિક બ્રાન્ડિંગનો અભાવ અત્યાર સુધી રાજકોટ માટે એક મોટી મર્યાદા રહ્યો છે — જેને દૂર કરવાનો પ્રયાસ આ RBSM દ્વારા કરવામાં આવી રહ્યો છે.

# બાબરાના સુખપરમાં પવનચક્કીના પાવર હાઉસમાં આગ



અમરેલી તા.

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના સુખપુર ગામ ખાતે ઈનોક્ષ ગ્રીન એનર્જી સર્વિસ લિમિટેડના પાવર હાઉસ ખાતે ૪૪ હજાર લીટર ઓઈલની કેપેસિટી ધરાવતા વીજ ટ્રાન્સફોર્મરમાં કોઈ કારણોસર આગ લાગતા અફડા તફડીનો માહોલ સર્જાયો હતો. આ બનાવ અંગે આજે વહેલી સવારે ૫ કલાકે અમરેલીના ફાયર કંટ્રોલ રૂમ ખાતે ટેલીફોનિક જાણ કરવામાં આવેલ હતી.

આ ઘટનાની જાણ થતા જ અમરેલીના ફાયર ઓફિસર એચ.પી. સરતેજાની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ અને બાબરા ફાયર વિભાગની ટીમ ત્રણ વોટર બાઉઝર સાથે તુંરત ઘટના સ્થળ પર પહોંચી આગ પર પાણી અને AFFF ફોર્મનો મારો ચલાવી પોતાની સૂઝબુજ તથા જીવને જોખમે આગ પર કાબુ મેળવવામાં સફળતા મેળવી હતી. આસંપૂર્ણ ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાની થયેલ નથી.

આ કામગીરીમાં ફાયર સ્ટાફ સાગરભાઈ પુરોહિત, આનંદભાઈ જાની, પ્રવીણભાઈ ચૌહાણ, ભગવતસિંહ ગોહિલ, નિલેશભાઈ સાનિયા, સવજીભાઈ ડાભી, કૃષ્ણ ભાઈ ઓળકિયા, જગદીશભાઈ ભુરીયા, જયદીપભાઈ ઈસોટીયા, કમલેશભાઈ ગિલાતર તથા મિલનભાઈ ગાંભવા સહિતનાં સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ સાથે રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયાની શુભેચ્છા મુલાકાત



રાજકોટ,

ઉપલેટા પાસે આવેલ પ્રાસલા ખાતેનાં શ્રી વૈદિક મિશન ટ્રસ્ટ ખાતે યોજાયેલ "રાષ્ટ્ર કથા શિબિર" માં ભાગ લઈને પરત ફરતા મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી મોહન યાદવ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે પધારતા, રાજ્યસભાના સાંસદ શ્રી રામભાઈ મોકરીયાએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરી શુભેચ્છા મુલાકાંત લઈ હળવી પળો માણી હતી

# ગીર સોમનાથ જીલ્લાના આગેવાન દ્વારા નવનિયુક્ત માનસિંહ પરમારનું સન્માન



વેરાવળ,

વેરાવળ તાલુકાનાં કાજલી ગામ ના યુવા અગ્રણી માનસિંહભાઈ પરમાર ની તાજેતરમાં ગુજરાત બક્ષીપંચ મોરચા ના પ્રદેશ પ્રમુખ પદે વરણી થતાં સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં દરેક સમાજ મા ખુબજ આનંદ ઉત્સાહ જોવા મળે છે અને તેમની કાજલી મુકામે આવેલ તેમની ઓફિસ મા શાલ ફુલહાર પુષ્પગુચ્છ સાથે સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં થી આગેવાનો પાર્ટી ના હોદેદારો અને લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે

આજે દરીયા પટ્ટી મા આવેલ નવ બંદરો ના આગેવાનો હોદેદારો પધારેલ અને માનસિંહભાઈ નુ ફુલહાર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ જેમા નવ બંદરો ના કોળી સમાજ ના પ્રમુખ કાલીદાસ વંશ,ઉપ પ્રમુખ જેન્તીભાઈ સોલંકી, ઉપ પ્રમુખ કાનજીભાઈ ચાવડા,ભીડિયા કોળી સમાજ ના પ્રમુખ જેન્તીલાલ સોલંકી સહિત હિરાકોટ બંદર, સુત્રાપાડા, ધામળેજ,મુળ દ્વારકા, માઢવાડ, કોટડા,નવાબંદર, પોરબંદર સુભાષ નગર, સહિત બંદરો ના આગેવાનો એ હાજરી આપી હતી માનસિંહભાઈ પરમાર નુ સન્માન કરેલ તેમજ વેરાવળ અને સમગ્ર જીલ્લા ભરમાંથી આગેવાનો પધારી રહ્યા છે અને સમગ્ર ગુજરાત માંથી ટેલીફોનીક શુભેચ્છા ની વર્ષા થય રહેલ છે

# રાજકોટ કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ ટ્રસ્ટ સંચાલિત દરેક શાળાઓનો આંતરિક વાર્ષિક રમતોત્સવ યોજાયો



રાજકોટ,

રાજકોટ કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ ટ્રસ્ટ સંચાલિત દરેક શાળાઓના આંતરિક વાર્ષિક રમતોત્સવ ૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ઢેબર રોડ સ્થિત કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ ટ્રસ્ટની પ્રાથમિક, શાળાના વિશાળ મેદાનમાં કરવામાં આવ્યું હતું. ગુજરાત વિધાનસભા ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ડાયરેક્ટર ડો.હરીશભાઈ રાબા, સંસ્થાના મુંબઈ સ્થિત ઓનરરી સેક્રેટરી વિશાલભાઈ શેઠ, ટ્રસ્ટી મુરબ્બી અતુલભાઈ મોદી, જોઈન્ટ સેક્રેટરી નેહાબેન દફતરીએ રમતોત્સવની શરૂઆતમાં વિદ્યાર્થીઓના ઉત્સાહને બમણો કરવા મસાલ પ્રજવલિત કરીને કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ ટ્રસ્ટે સમગ્ર વિશ્વમાં પ્રેમ શાંતિ અને એકતાનો સંદેશો પ્રસારિત કર્યો હતો.

શાળાના આચાર્ય તેમજ શિક્ષકોએ નાનામાં નાની વાતની સંભાળ લઈ સફળ કાર્યક્રમનો જશ લીધો હતો. કાર્યક્રમના અંતમાં વિજેતાઓને મહેમાનોના હસ્તે ગોલ્ડ, સિલ્વર અને બ્રોઝ મેડલ એનાયત કરવામાં આવ્યા. તેમજ ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને પ્રમાણ

# શેત્રુંજી નદી પાસેથી પસાર થતી નર્મદા નદીની પાણીની મુખ્ય લાઇનમાં છેલ્લા ચાર દિવસથી ભંગાણ



અમરેલી તા.

અમરેલી–સાવરકુંડલા રોડ ઉપર આવેલી શેત્રુંજી નદી પાસેથી પસાર થતી નર્મદા નદીની પાણીની મુખ્ય લાઈનમાં છેલ્લા ચાર દિવસથી ભંગાણ પડ્યું હોવાનું સામે આવ્યું છે. ત્યારે ઈશ્વરીયા જૂથ યોજના હેઠળ આવતી આ પાણીની લાઈન તૂતેલ હાલતમાં હોવા છતાં પણ કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી.

આ પાણીની પાઈપ લાઈન તૂટી જવાના કારણે શેત્રુંજી નદીનું દૂષિત પાણી પાઈપ લાઈનમાં ઘૂસી જતા અને તે પાણી આસપાસના પાંચ ગામોમાં વિતરણ થતું હોય જેનાં કારણે રોગચાળાનો ગંભીર ખતરો ઊભો થયો છે. હાલમાં લાપાળીયા, મોટા ગોખરવાળા, નાના ગોખરવાળા સહિતના ગામોમાં ચાર દિવસથી દૂષિત પાણી વિતરણ થતું હોવાની સ્થાનિકોએ ફરિયાદ કરી છે. છતાં પણ જવાબદાર અધિકારીઓ અને મેન્ટેનેન્સ કરતી એજન્સી દ્વારા જરૂરી પગલાં ભરવાં સામે આંખ આડા કાન કરતી હોવાની પ્રતીતિ મળી રહી છે. ચાર દિવસથી અવિરત રીતે પાણી વહેતા રહેવાના કારણે લાખો લીટર કિંમતી પીવાના પાણીનો વેડફાટ થયો છે. સ્થાનિકોનું માનવું છે કે નદી વિસ્તારમાં બેરોકટોક દોડતા રેતીના ડમ્પરોના કારણે પાણીની લાઈન તૂટી હોવાની પ્રબળ શક્યતા છે.

આ સમગ્ર મામલે અમરેલી જિલ્લા વહીવટીતંત્ર અને પાણી પુરવઠા વિભાગ તાત્કાલિક કાર્યવાહી કરે તેવી ઉગ્ર માંગ ઉઠી છે. જો સમયસર સુધારણા નહીં થાય તો સ્થાનિકોમાં રોષ ફાટી નીકળે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# તાલાલામાં બાઈક, આઈસર અને છકડા વચ્ચે ભયંકર ટક્કર, ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો

### મૃતક કાકા-ભત્રીજા બાઈક લઈને લગ્નની ખરીદી માટે ગયા હતા જ્યાં કાળનો ભેટો થયો હતો. : મૃતદેહોને પોસ્ટ મોર્ટમ માટે ખસેડવામાં આવ્યા

ગીર સોમનાથ

ગીર સોમનાથ જિલ્લામાં 'અમંગળ' અકસ્માત સર્જાયો છે. તાલાલા તાલુકામાં સુરવા-માધુપુર વચ્ચે ટ્રિપલ અકસ્માત થતાં ત્રણ લોકોના ઘટનાસ્થળે કમકમાટીભર્યા મોત થયા, જેમાં બાઈક સવાર કાકા-ભત્રીજા અને નારિયેળ ભરેલો છકડો ચલાવનારે પણ જીવ ગુમાવ્યો છે.

અકસ્માતની પ્રાથમિક વિગતો મુજબ બાઈક, નારિયેળ ભરેલો છકડો (રિક્ષા) એક આઈસર ટ્રક વચ્ચે ટક્કર થઈ છે. અકસ્માત એટલો ભયાવહ હતો કે ત્રણ વ્યક્તિઓનો પળવારમાં જીવ જતો રહ્યો હતો. મૃતકોની ઓળખ કિશોર, પ્રભુદાસ અને દીક્ષિત તરીકે થઈ, જેમાં કાકા-ભત્રીજાનું પણ મોત થયું છે. ચૈતન્ય હનુમાન મંદિર પાસે થયેલા ટ્રિપલ અકસ્માતની ખબર આસપાસના પંથકમાં વાયુ વેગે પ્રસરી જતાં અનેક લોકોએ દોડી આવી બચાવકાર્યમાં મદદ કરી હતી. મૃતક કાકા-ભત્રીજા બાઈક લઈને લગ્નની ખરીદી માટે ગયા હતા જ્યાં



કાળનો ભેટો થયો હતો.

અકસ્માતની જાણ રાહદારીઓ દ્વારા પોલીસ વિભાગને કરવામાં આવી હતી. જે બાદ ઘટનાસ્થળે પહોંચી મૃતદેહોને તાલાલાની સરકારી હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતે ગુનો નોંધી ટક્કર કેવી રીતે થઈ તેની તપાસ આદરી છે.

# રાજકોટમાં ૧૧.૪ ડીગ્રી સાથે બેઠો ઠાર: સવારે શહેરીજનો ઠંડીમાં ઠુઠવાયા

### ગિરનાર ઉપર ૭ , કચ્છના નલીયામાં ૭.૫, જામનગરમાં ૧૪ ડીગ્રી લઘુતમ તાપમાન

રાજકોટ,

રાજકોટ શેરમાં બે દીવસ તાપમાન સિંગલ ડીજીટમાં નોધાતા શહેરીજનો ઠંડીમાં ઠૂઠવાઈ રહ્યા છે. રાત્રિના ઠેર ઠેર સ્થળે તાપણા શરૂ થયા છે. રાજકોટ શહેરમાં ૧૧.૪ ડીગ્રી તાપમાન નોંધાયેલ છે. ઠાર અને ફૂંકાતા ઠંડા પવનના કારણે ઠંડીની અસર વધુ વર્તાઈ રહી છે. લોકો ગરમ વસ્ત્રોમાં જ જોવા મળી રહ્યા છે. ખાસ કરીને સવારે અને રાત્રીના ઠંડીની અસર વધુ જોવા મળી રહી છે. કડકડતી ઠંડીના પગલે વ્હેલી સવારે શાળાએ જતાં વિદ્યાર્થીઓ અને ધંધાદારીઓને ભારે પરેશાનીનો સામનો કરવો પડયો હતો.



હવામાન ખાતાના સુત્રો જણાવે છે કે વેસ્ટર્ન ડિસ્ટબેન્સની અસરથી પહાડી વિસ્તારોમાં થયેલ હિમવર્ષાના પગલે તેના ઠંડા પવનો ગુજરાત ઉપરથી પસાર થઈ રહ્યા હોય ઠંડીમાં વધારો થયો છે. આ અઠવાડીયામાં પણ ઠંડીમાં વધઘટ રહેશે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં શિયાળો બરાબર જામવા લાગ્યોપ છે. ગિરનાર ઉપર ૭ , કચ્છના નલીયામાં ૭.૫, રાજકોટમાં ૧૧.૪ , જામનગરમાં ૧૪ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાતા સર્વત્ર ટાઢોડુ છવાઈ ગયું છે.

જુનાગઢના ગિરનાર પર્વત પર ૭ ડિગ્રી તાપમાન રહેતા કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું હતું.જૂનાગઢ સહિત સોરઠમાં છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો દોર શરૂ થયો છે. ઠંડીની સાથે વાતાવરણમાં ભેજનું આક્રમણ થતાં ઠંડી વધુ આક્રમક બની છે.જુનાગઢ શહેરમાં સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ શોધીને ૯૦ ટકાએ પહોંચી ગયું હતું અને લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી રહ્યું હતું. ૩.૨ કિમીની ઝડપે ઠંડો પવન ફુકાતા ઠંડીની અસર બેવડાઈ હતી.

જામનગરમાં લઘુતમ તાપમાન ૧૪, મહતમ તાપમાન ૨૬.૫, ભેજનું પ્રમાણ ૭૭ ટકા, પવનની ગતી ૬ કી.મી. રહી છે રાજ્યમાં ગિરનાર પર્વત ૭.૦ ડીગ્રી,અમદાવાદ ૧૩.૪ ડીગ્રી,બરોડા ૧૩.૬ ડીગ્રી, ભાવનગર ૧૪.૮ ડીગ્રી, ભુજ ૧૧.૪ ડીગ્રી,દમણ ૧૮.૬ ડીગ્રી,ડીસા ૧૧.૦ ડીગ્રી, દીવ ૧૬.૦ ડીગ્રી, દ્વારકા ૧૬.૦ ડીગ્રી, ગાંધીનગર ૧૧.૨ ડીગ્રી,,જામનગર ૧૪.૦ ડીગ્રી, કંડલા ૧૪.૪ ડીગ્રી, નલીયા ૭.૫ ડીગ્રી, ઓખા ૧૯.૩ ડીગ્રી, પોરબંદર ૧૪.૦ ડીગ્રી, રાજકોટ ૧૧.૪ ડીગ્રી,,સુરત ૧૫.૦ ડીગ્રી, વેરાવળ ૧૭.૬ ડીગ્રી નોધાયું હતું

# રાજકોટના વેલનાથપરામાં ત્રણ દિવસથી પત્ની રિસામણે ચાલી જતા પતિનો આપઘાત

રાજકોટ,

રાજકોટ શહેરમાં મોરબી રોડ ઉપર આવેલા વેલનાથપરામાં રહેતી પરિણીતા ત્રણ દિવસ પૂર્વે ઝઘડો કરી ગ્રીનલેન્ડ ચોકડી પાસે રહેતા માવતરે રિસામણે ચાલી ગઈ હતી. જેથી પતિને માઠું લાગી આવતા ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવકના મોતથી ત્રણ પુત્રએ પિતાનું છત્ર ગુમાવતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટના મોરબી રોડ ઉપર આવેલા વેલનાથપરામાં રહેતા ભાવેશભાઈ વિઠ્ઠલભાઈ વેજીયા નામનો ૩૫ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો. ત્યારે રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં લાકડાની આડીમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. યુવકને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવાન મૂળ હડાળા ગામનો વતની હતો અને અહીંયા રૂમ ભાડે રાખી રહેતો અને રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મૃતક યુવાન ત્રણ ભાઈ એક બહેનમાં વચ્ચેટ હતો અને તેને સંતાનમાં ત્રણ પુત્ર છે. ત્રણ દિવસ પહેલા પત્ની સરોજબેન ઝઘડો કરી ગ્રીનલેન્ડ ચોકડી ખાતે રહેતા માવતરના ઘરે રિસામણે ચાલી જતા ભાવેશ વેજીયાએ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે બી ડિવિઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સેલવાસથી ટ્રકમાં ભરી જુનાગઢ લઇ જવાતો ૭૩.૪૫ લાખનો દારૂ પકડાયો

જૂનાગઢઃ

નવસારી એલસીબી પોલીસે બાતમી આધારે હાઈવે પર બોરીયાચ ટોલનાકા પર સેલવાસ થી ટ્રકમાં ભરીને મકરસંક્રાંતિના તેહવાર માટે જૂનાગઢ લઈ જવાતો રૂ.૭૩.૪૫ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડયો.પોલીસે ટ્રક ડ્રાઈવર ની અટકાયત કરી બે મોબાઈલ સાથે કુલ રૂ.૮૩.૬૦ લાખનો મુદ્દામાલ કબજે કરી ત્રણને વોન્ટેડ જાહેર કર્યા છે. થર્ટી ફર્સ્ટ બાદ આગામી મકર સંક્રાંતિના તહેવારમાં દારૂની રેલમછેલ માટે બૂટલેગરો સક્રિય બન્યા છે. નવસારી એલસીબી પીઆઈ વી જે જાડેજાની ટીમે પેટ્રોલીગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે, એક ટ્રક (નં.જીજે-૨૫-યુ-૨૫૮૧)માં સેલવાસથી બ્રાન્ડેડ વિદેશી દારૂનો મોટો જથ્થો ભરીને જૂનાગઢ લઈ જનાર છે. જે આધારે પોલીસે બોરીરયાચ ટોલનાકા ને.હા.નં.૪૮ પર વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી વાળી ટ્રક આવતા પોલીસે તેને અટકાવી તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂ વ્હિસ્કી અને રમની કુલ ૧૪૭૧૨ નંગ બોટલો કિં.રૂ.૭૩.૪૫ લાખનો વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટ્રક ડ્રાઈવર લખમણ વેજાભાઈ મેર (રહે,પોરબંદર, વાણંદ સોસાયટીની બાજુમાં, તા.જી.પોરબંદર) ની ધરપકડ કરી હતી. ડ્રાઈવરની દારૂ અંગે પૂછપરછ કરતા આ દારૂ સેલવાસથી બુટલેગર મેરૂ ઉર્ફે રામદેવ ઓઢડભાઈ ખૂંટી (રહે,પોટલબંદર કન્યા શાળાની બાજુમાં, નવાપરા)એ ટ્રકમાં દારૂ ભરાવી આપી કારમાં ટ્રકનું પાયલોટિંગ કરતા હતા. તેમજ સેલવાસથી બુટલેગર મેંરૂનો સાગરીત દારૂ ભરેલી ટ્રક આપી ગયો હોવાનું અને જૂનાગઢ ખાતે મેરૂ પાસેથી દારૂનો જથ્થો મંગાવનાર અજાણ્યો બુટલેગર મળી ત્રણને વોન્ટેડ જાહેર કર્યો છે. પોલીસે ટ્રક ડ્રાઈવર લખમણ મેર પાસેથી બે મોબાઈલ મળી કુલ રૂ.૮૩.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# રાજકોટમાં સોના-ચાંદીના વેપારીઓને ત્યાં તોલમાપના દરોડાઃ ફફડાટ

### ૧૨ સામે પ્રોસીકયુશન કાર્યવાહીમાં ૩૪ હજારનો દંડ ફટકારાયો

રાજકોટ,

રાજકોટમાં કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા ગ્રાહકોના હિતની રક્ષા કરવા અને વેપારમાં પારદર્શિતા જાળવવાના હેતુથી સોના-ચાંદીની દુકાનો અને જ્વેલરી શો-રૂમ પર વિશેષ આકસ્મિક તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

આ ઝુંબેશ દરમિયાન રાજકોટ શહેર તથા જિલ્લાના વિવિધ વિસ્તા રોમાં આવેલા સોના-ચાંદીના વેપારીઓ અને જ્વેલરી શો-રૂમની તોલમાપ તંત્ર દ્વારા અચાનક તપાસ કરવામાં અનેક એકમોમાં કાયદા મુજબ ફરજિયાત ચકાસણી અને મુદ્રાંકન વગર વજનકાંટાનો ઉપયોગ થતો હોવાનું જાણવા મળ્યું હતું.

આ કાર્યવાહીમાં રાજકોટના વિવિધ વેપારીઓ સામે ૧૨ પ્રોસિકયુશન કેસ નોંધવામાં આવ્યાા હતા. કાયદેસર કાર્યવાહી કરીને વેપારીઓ પાસેથી કુલ રૂ.૩૪,૦૦૦ જેટલી માંડવાળ ફી વસૂલવામાં આવી હતી.

મુખ્યત્વે ગેરરીતિઓ ચકાસણી અને મુદ્રાંકન વગરના વજનકાંટાનો ઉપયોગ, વજનકાંટાની ચકાસણી અર્થે પ્રમાણિત બુલિયન વજનો વસાવેલ ન હતાં. વજનકાંટાનું કાનૂની પ્રમાણપત્ર પ્રદર્શિત ન હતું કરાયું. આ તમામ બાબતો કાનૂની માપવિજ્ઞાન અધિનિયમ અને નિયમોનો ભંગ ગણાતા હોવાને કારણે વેપારીઓ સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવી હતી.

સોના-ચાંદીની ખરીદી વખતે હંમેશા ચકાસણી અને મુદ્રાંકન થયેલા વજનકાંટાનો જ ઉપયોગ થાય છે કે નહીં, તેની ખાતરી કરવી તથા પ્રમાણપત્ર દેખાય છે કે નહીં તે તપાસવા, મદદનીશ નિયંત્રક કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારીની કચેરીની યાદીમાં ઉમેરાયું છે.

# રાજકોટમાં લગ્નજીવનના ૨૨માં વર્ષે જન્મેલી દીકરીને કાળ ભરખી ગયો: ડમ્પર હડફેટે મોત

### પિતાની નજર સામે જ દીકરીનું અકસ્માતમાં કરૂણ મોત નિપજતાં પરિવારમાં કલ્પાંત

રાજકોટ,

કુદરતની પણ કેવી અકળલીલા છે કે સંતાન પ્રાપ્તી ઝંખતા રાજકોટના દંપતિને ૨૨ વર્ષે દીકરીનો જન્મ થતાં પરિવારમાં ખુશીની લાગણી છવાઈ ગઈ હતી. જો કે દંપતિના નસીબમાં જાણે સંતાન ન હોય તેમ ૭ વર્ષની થયેલી દીકરીનું પિતાની નજર સામે જ અકસ્માતમાં કરૂણ મોત નિપજતાં પરિવારમાં કલ્પાંત છવાઈ જવા પામ્યો છે.

રાજકોટના ૧૫૦ ફુટ રીંગ રોડ પર જશરાજનગરમાં રહેતાં આધેડ ૭ વર્ષની લાડલી પુત્રીને લઈ આંટો મારવા નીકળ્યા હતાં ને નવા રીંગ રોડ પર ટીલાળા ચોકડી નજીક કાળમુખા ડમ્પરે બાઈકને હડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં પિતાની નજર સામે જ તેની સાત વર્ષની પુત્રીનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જ્યારે પિતાને પણ ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.જાણવા મળતી વિગત મુજબ, રાજકોટના ૧૫૦ ફુટ રીંગ રોડ પર ઉમિયા ચોક પાસે આવેલા જશરાજનગર શેરી નં.૫માં રહેતાં ભાવેશભાઈ રમણીકભાઈ વકારીયા (ઉ.૫૨) નામના આધેડ સવારે તેની સાત વર્ષની પુત્રી નૈતીને લઈ બાઈક ઉપર આંટો મારવા માટે નીકળ્યા હતાં. દરમિયાન ૧૧ વાગ્યાના અરસામાં નવા રીંગ રોડ પર મવડી બાયપાસ પાસે ટીલાળા ચોક નજીક પહોંચતાં પુરપાટ





તસવીર : દિલિપ ગોહેલ

ઝડપે આવતાં ડમ્પર ચાલકે બાઈકને હડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. ડમ્પરે બાઈકને ઠોકરે લેતાં બાઈક સ્વાર પિતા-પુત્રી રોડ ઉપર ફંગોળાયા હતાં અને પિતાની નજર સામે જ માસુમ પુત્રીનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. અકસ્માતને પગલે ઘટના સ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતાં. ઈજાગ્રસ્ત આધેડને ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પોલીસે જરૂરી કાર્યવાહી કરી બાળકીના મૃતદેહને પી.એમ.અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવા તજવીજ હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં ભાવેશભાઈ પ્લાસ્ટીકના દાણાનો વેપાર કરે છે અને તેના પત્ની કાજલબેન શિક્ષક છે. દંપતિને ૨૨ વર્ષે પુત્રી નૈતીનો જન્મ થયો હતો. નૈતી પી.એન્ડ.બી.સ્કૂલમાં ધો.૧માં અભ્યાસ કરતી હતી. સવારે પત્ની સ્કૂલમાં નોકરીએ ગયા બાદ પિતા પુત્રીને લઈ આંટો મારવા નીકળ્યા હતાં ને રસ્તામાં જ કાળમુખા ડમ્પરે અકસ્માત સર્જતા માસુમ પુત્રીનો ભોગ લેવાયો હતો. એકની એક પુત્રીના મોતથી વણીક પરિવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો છે.અકસ્માતની જાણ થતાં લોધિકા પોલીસે તાત્કાલીક ઘટના સ્થળે દોડી જઈ અકસ્માત સર્જનાર ડમ્પર ચાલકની ધરપકડ કરી તેના વિરૂધ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

# રાજકોટની માધાપર ચોકડી પાસે ઓટો રિક્ષામાં ગાંજા સાથે ત્રણ શખ્સો પકડાયા

### કેળાના ધંધામાં મંદી આવતા વેપારીએ ગાંજાનો વેપલો શરૂ કર્યો

રાજકોટ,

રાજકોટ માધાપર ચોકડી થી બેડી ચોકડી તરફ જતા હાઈવે રોડ ઉપર એલસીબી ઝોન-૨ની ટીમે ૩૭ હજારના માદક પદાર્થ ગાંજાના જથ્થા સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરી રૂ.૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. કેળાના વેપારીને ધંધામાં મંદી આવતા મિત્રો સાથે મળી ગાંજાનો વેપાર શરૂ કર્યો હતો અને ચોટીલાથી ગાંજો લાવી રાજકોટ આવ્યા ત્યારે એલસીબીએ ઝડપી લીધા હતા.





તસવીર : દિલિપ ગોહેલ

મળતી વિગતો મુજબ શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ના ચડે તથા નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકાવવા મિશન અંતર્ગત નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા ઈસમો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા પોલીસ અધિકારીઓની સુચનાને પગલે એલ.સી.બી. ઝોન-૨ના પીએસઆઈ આર.એચ.ઝાલા અને તેમની ટીમ તથા ગાંધીગ્રામ પોલીસ મથકના ઈન્ચાર્જ પી.આઈ એચ.એન.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ઝોન-૨ની ટીમને મળેલી બાતમીને આધારે રાજકોટ માધાપર ચોકડી થી બેડી ચોકડી તરફ જતા હાઈવે રોડ મનહરપુરના મંદીરની સામે બાણધારી હોટલ આગળ એક ઓટો રીક્ષા રજી નં.જીજે-૦૩-એક્ષ-૮૬૯૬ ને અટકાવી તલાશી લેતા રિક્ષા માંથી માદક પદાર્થ ગાંજો મળી આવ્યો હતો.

રેલનગર મહારાણા પ્રતાપ ટાઉનશીપ આઈ વિંગ ફ્લેટ નં.૧૧,અ રહેતા કેળાના વેપારી અમીનશા યાસીનશા શાહમદાર તેમજ ભગવતીપરા ભારતપાનની સામે સદામભાઈ દલવાડીના મકાનમાં ભાડેથી રાજકોટ મુળ બગસરાના અરમાન રાજુભાઈ ખોખર તેમજ ભગવતીપરા બોરીચા સોસાયટી શેરી નં.૩માં રહેતા મોહસીન અલારખાભાઈ શાહમદારની ધરપકડ કરી રૂ.૩૭ હજારનો ૭૫૫ ગ્રામ ગાંજો તેમજ રિક્ષા સહીત રૂ.૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પ્રાથમીક પરીક્ષણ કરી એફ.એસ.એલ. અધિકારી સમીર જોષીએ અભિપ્રાય આપ્યો હતો.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે પકડાયેલ કેળાના વેપારી અમીનશા યાસીનશાહને ધંધામાં મંદી આવતા મિત્ર અરમાન રાજુભાઈ ખોખર અને મોહસીન અલારખાભાઈ શાહમદારની સાથે મળી ગાંજાનો વેપાર કરવા ચોટીલાથી ગાંજો લાવ્યો હોવાનું જણાવ્યું હતું.

આ કામગીરી પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા અને ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈની સુચનાથી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ એચ.એન.પટેલ સાથે એલસીબી ઝોન-૨ના પીએસઆઈ આર.એચ.ઝાલા તેમજ સ્ટાફના એ.એસ.આઈ. જયંતીભાઈ ગોહિલ, સલીમભાઈ મકરાણી,હરપાલસિંહ જાડેજા, તથા પો.હેડ કોન્સ.શકિતસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઈ વાધિયા, રાહુલભાઈ ગોહેલ,તથા પો.કોન્સ.ફુલદીપસિંહ રાણા, પ્રકાશભાઈ સોલંકી,શીવભદ્રસિંહ ગોહિલ, ગાંધીગ્રામ પો.સ્ટે. ના પો.કોન્સ. રઘુવીરસિંહ ભરતસિંહ ,ભરતભાઈ રામજીભાઈ તથા ડ્રાઈવર શકિતસિંહ ઝાલાએ કરી હતી.

# તાલાલાના રિસોર્ટમાં દારૂની મહેફિલ માણતા રાજકોટના પાંચ નબીરા પકડાયા

### દારૂની બોટલ, કાર સહિત રૂા. ૨૧.૭૬ લાખનો મુદ્દામાલ જપ્ત : રિસોર્ટ સંચાલક પણ પકડાયો

રાજકોટ,

ગીર સોમનાથ પોલીસે તાલાલાના એક રિસોર્ટમાંથી દારૂની મહેફિલ માણતા પાંચ વ્યક્તિઓ અને રિસોર્ટના સંચાલક સહિત કુલ છ લોકોને ઝડપી પાડ્યા છે. જૂનાગઢ રેન્જ આઈ.જી.પી. નિલેશ જાજડીયા અને ગીર સોમનાથ પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાની સૂચનાથી જિલ્લામાં જુગાર અને પ્રોહિબિશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવા માટે એલ.સી.બી. અને એસ.ઓ.જી.ની ટીમો સતત પેટ્રોલિંગ કરી રહી છે.

બાતમીના આધારે, તાલાલાના ચિત્રોડ ગામની સીમમાં આવેલા 'લોટસ લક્ઝરી રિસોર્ટ' પર દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં કેટલાક ઈસમો દારૂની મહેફિલ માણી રહ્યા હતા. પોલીસે સ્થળ પરથી દારૂની મહેફિલ માણતા વ્યક્તિઓ અને રિસોર્ટના સંચાલકને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા રાજકોટના પાંચ વ્યક્તિઓમાં શુભમભાઈ ગોપાલભાઈ ડોડીયા (વેપારી, રહે. કુવાડવા રોડ, એલ.પી. પાર્ક), હર્ષભાઈ પ્રવીણભાઈ ધકાણ (ઉ.વ. ૨૩, પ્રા. નોકરી, રહે. કોઠારીયા કોલોની), તરંગભાઈ નરેશભાઈ કક્કડ (ઉ.વ.૨૩, પ્રા. નોકરી, રહે. રાજકોટ હુડકો સોસાયટી), વિશાલભાઈ ભરતભાઈ ધકાણ (ઉ.વ.૨૨, પ્રા. નોકરી, રહે. કોઠારીયા કોલોની) અને કિશનભાઈ મુકેશભાઈ ગોહેલ (ઉ.વ.૨૪, અભ્યાસ, રહે. ખોડીયાર કૃપા, કનક નગર) નો સમાવેશ થાય છે.આ ઉપરાંત, રિસોર્ટના સંચાલક આકાશભાઈ મહેશભાઈ ગુર્જર (ઉ.વ.૨૩, રહે. વિસાવદર, હનુમાનપરા) ને પણ ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે કુલ રૂ.૨૧,૭૬,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને તાલાલા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરી એલ.સી.બી.ના પી.આઈ.એસ.વી.રાજપૂત, એસ.ઓ.જી.ના ઈ.ચા.પી.આઈ. ડી.એમ. કાગડા, એલ.સી.બી.ના પી.એસ.આઈ. એ.સી. સિંધવ અને પી.એસ.આઈ. એચ.એલ. જેબલિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. એલ.સી.બી.ના એ.એસ.આઈ. સોનિંગસિંહ સિસોદિયા, હેડ કોન્સ્ટેબલ કૃષ્ણકુમારસિંહ સોલંકી અને એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. જીગ્નેશગીરી ગોસ્વામી તથા કોન્સ્ટેબલ કલ્પેશભાઈ વાઢેરે કરી હતી.

